
vitraag vigyaan

અનન્ય પરિવર્તન

November 2017, Mumbai • Volume 7 • Issue 6



અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર

કાર્તિક પૂર્ણિમા ઉજવણી









With Best Compliments From
Darshanaben Pareshbhai Chauhan, U.S.A.

અનુક્રમણિકા

પ્રાર્થના ૩

પત્રોની પાંખે ૪

જ્ઞાન સાગર ૫

પૂજ્યશ્રી કી અમૃતવાણી ૯

The Master's Voice ૧૨

સમાધિ મરણ ૧૫

સત્પુરુષાર્થ ૧૭

પ્રશ્નોત્તરી ૧૯

શ્રી રાધાવતાર ૨૧

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રની
૧૫૦મી જન્મજયંતિની ઉજવણી ૨૪

પ્રેરક પ્રસંગ ૨૮

Monday Motivation ૨૯

ધારાવાહિક નવલિકા ૩૦

એક નાની વાર્તા ૩૩

SRATRC - Kolkata Centre ૩૪

RIYF ૩૬

સંબંધોના સથવારે ૩૮

Health To Happiness ૩૯

Kidzone ૪૦

Recent News ૪૨

Tasty Bites ૪૪

તત્ત્વ પહેલી ૪૫

Forthcoming Events ૪૬

From Us to You ૪૭

Sponsorship ૪૮





Editorial



।। બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે ।।

શ્રીમદ્ રાજચંદ્ર પરમ કૃપાળુ દેવે આ વચનોમાં ન કેવળ મોક્ષ પ્રાપ્તિનો એક માત્ર ઉપાય અતિ સ્પષ્ટતાથી જણાવ્યો છે પરંતુ તેથી પણ વિશેષ માર્ગાનુસારીઓને એક બાંયધરી, એક ગેરેંટી પણ આપી છે કે જેઓ પણ આ પ્રમાણે આચરશે તેમને મોક્ષ અવશ્ય મળશે જ. ફક્ત ૩૩ વર્ષના જીવનકાળ દરમ્યાન તેમણે સ્વયં તો લગભગ કેવળી દશાની પ્રાપ્તિ તો કરી જ પરંતુ સંસારમાં ભટકી રહેલા આપણા જેવા લાખો કરોડો જીવો પણ યથાર્થ આત્મધર્મ પ્રાપ્ત કરી મુક્તિના માર્ગે પ્રયાણ કરે તે માટે તેમના અદ્‌ભુત, પદો, પત્રો, લખાણો અને અનુભવો વારસારૂપ મૂકતાં ગયા છે.

પરમ કૃપાળુ દેવ વિશે કે તેમના વચનામૃત વિશે વધુ લખવું સુઝતું નથી અને તેમનો અપરંપાર ઉપકાર, તેમના આત્મિક ગુણોની અનુમોદના પૂર્ણપણે કરવામાં અશક્તિ છે કારણ નિષ્કારણ કરૂણાશીલતાથી જે તેઓએ આપ્યું છે તેનો પ્રતિ ઉપકાર તદ્દન અશક્ય છે અને તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન સિવાય બીજું કંઈ અર્પણ કરી શકાય એમ નથી જ.

હાલની કાર્તિક પૂર્ણિમાના મંગળ દિવસે તેઓશ્રીના જન્મને ૧૫૦ વર્ષ પૂર્ણ થયાં અને તેમને અનુસરનારા લાખો લોકોએ દેશ-વિદેશમાં તેમને યાદ કરી, તેમના વચનોની સ્તુતિ કરી, ભક્તિભાવપૂર્વક આ દિવસને ઉજવ્યો. આપણી સંસ્થાએ પણ કાર્તિક પૂર્ણિમાની ૩ દિવસીય ઉજવણી પર્લી ખાતે ખૂબજ ભક્તિ અને ઉલ્લાસપૂર્વક કરી. પરમ ઉપકારી પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીએ પોતાની આગવી શૈલીમાં મોક્ષના ઉપાયની સમજણ આપી. તે સિવાય એક મુમુક્ષુના ઘેર પરમ કૃપાળુ દેવના ચિત્રપટની સ્થાપના, પૂજ્યશ્રી સાથેનો ટૉક - શો અને પૂર્ણાહુતિરૂપે સામુહિક મહા આરતીના પ્રસંગો સંપન્ન થયા હતાં.

અનન્ય પરિવર્તનનો આ અંક પરમ કૃપાળુ દેવના ચરણોમાં મૂકીએ છીએ અને ભાવના ભાવીએ છીએ કે જગતના સર્વે જીવોને તેમણે પ્રરૂપેલ વીતરાગ માર્ગની પ્રાપ્તિ થાઓ. આ અંકના દરેક પાને ફક્ત આ જ આશય છે એમ સમજશો...



હે નાથ !

આ મનુષ્ય દેહ સફળ થયો કે જે દેહે પરમ કૃપાળુ દેવ દ્વારા તીર્થંકરનો બોધ પ્રત્યક્ષ જ્ઞાનીના મુખેથી ડાયરેક્ટ મળ્યો.

બાકી અનંતકાળમાં અંધકારથી ફરજને (મા-બાપની, સમાજની સેવા કરવી) કે બાહ્ય ક્રિયાને જ ધર્મ માન્યો.

આજે આપના અનુગ્રહથી સમજાય છે કે, રાગ-દ્વેષ-અજ્ઞાનથી નિવૃત્ત થવું એજ વીતરાગ ધર્મ છે અને સત્‌દેવ એ મારો લક્ષ છે.

આપ સદ્‌ગુરુના આશ્રયે, આ મારું નથી, આ હું નથી, જે કંઈ આવે કે જાય એનાથી મને સુખ કે દુઃખનું વેદન ન થાય એ લક્ષે જીવન જીવી મોક્ષના માર્ગે આગળ વધવાનું બળ આપશો એજ આ બાળની વિનંતી માન્ય કરશો.

ॐ शांतिः शांतिः शांतिः



પત્રોની પાંખે

નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજયશ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દૃષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્‌યા વગર નથી રહી શકતો.

ચિ. બહેન,

તમારો પૂનાથી લખેલ પત્ર થોડા સમય પહેલાં મળેલો પરંતુ તેનો જવાબ ''આપીશ'' કરતાં કરતાં સમય પસાર થઈ ગયો. ક્ષમ્ય ગણાશો.

પરમ કૃપાળુ દેવ (શ્રીમદ રાજચંદ્ર) વિષેની માહિતી આપતું પુસ્તક વાંચી આપે વ્યક્ત કરેલ આનંદના ભાવો વાંચી હૃદય ખરેખર ઉલ્લાસીત થયું છે અને મને આનંદ આનંદ વર્તાય છે.

આવા પ્રકારનું સંવેદન, તમારો તેમની સાથેનો બળવાન ઋણાનુબંધનો પૂર્વનો સંબંધ હોવા સંભવીતતા જણાવે છે. તેમના વિશે જે વાંચ્યુ તે બરાબર સમજાણું અને વર્ષોથી પરિચિત છે તેમ પણ લાગ્યું તેમજ અનુભવથી તેમની સાથેનો પૂર્વ સંબંધ લાગ્યો.

આનંદથી હર્ષઘેલા થઈ જવાય અને અંતર અશ્રુઓથી અભિષેક કરે તેવી આનંદની વેળાએ મને યાદ કરી જે કંઈ લખી મોકલ્યું ! તે પરમ સૌભાગ્ય.

''આનંદની સ્થિતિ કાયમ રાખવી છે.''

''ગમે તેવો પુરુષાર્થ કરવા તૈયારી છે.'

''આવો જ ભાવ કાયમ રહે (આનંદ) તેવા આશિષ માંગુ છું.''

વિગેરે ભાવાવેશ સાથે અંતર ઝૂરણા જાગી છે.

બહેન દર્શના પાસેથી જાતિ-સ્મૃતિ જ્ઞાનની નાની પુસ્તિકા હશે - છે તે મંગાવી અને જ્યારે ચિત્તવૃત્તિ પ્રમાણમાં શાંત હોય અને વાંચ્યા પછી થોડો સમય શાંતિથી સુવાનો સમય મળે તેમ હોય ત્યારે વંચાય તો સારું.

સતનો સ્વભાવ આનંદ છે, તે આનંદ કંઈ દૂર નથી, પરંતુ મોહના આવરણે દૂર છે તેમ લાગે છે, જ્યારે સમજણ અને બુદ્ધિ સમ થાય છે ત્યારે આનંદ અનુભવમાં આવે છે, જે છે તેનું ફક્ત પ્રગટીકરણ કરવાનું છે. જે છે તે ''આપણું'' જ છે માટે પ્રગટીકરણમાં મુશ્કેલી આવે અથવા કોઈ મુશ્કેલી નાખે તે પણ સંભવિત નથી. આ કોઈ મુશ્કેલી નાખે તે પણ સંભવિત નથી આ વાત અર્થાત્ વિચાર દ્રઢ કરવા જેવી છે.

સાચી સમજણ જેવો બીજો કોઈ પુરુષાર્થ હોય તેમ વિચાર કરતાં નહી જણાય; આવા પુરુષાર્થ માટે સમયની પણ વિશેષ આવશ્યકતા, (અપેક્ષાએ) નથી. પરંતુ તેવા પુરુષાર્થનું બળ તોડી નાખનારા ઘણા ઘણા જન્મોના સંસાર - સંસ્કાર - બાધા કરનાર અવશ્ય છે. તે વિચારી વિચારી બાજુએ કરતાં રહેવા જેવું છે.

અનંત કરૂણાના સાગર એવાં પ્રભુ ! અનંતકાળથી આપણી વાટ જોતાં જ બેઠા છે અને કહે છે, ''આવો મારે શરણે અને મારા આશિષ છે જલ્દી જલ્દી મારા જેવાં થાઓ.'' પ્રભુએ ક્યારેય આપણને તરછોડ્યા નથી, જન્મ જન્માન્તરોથી આપણે જ તેમનાથી વિમુખ થઈ બેઠા છીએ. જે ક્ષણે આપણે નિશ્ચય કર્યો તેમની સન્મુખ થવા ત્યાં તે મદદ કરવા હાજર જ છે. તેમની કૃપા એક સરખી વરસી રહી છે. તમને તે જ કૃપા અનુભવમાં આવો તે જ પ્રાર્થના.

ૐ શાંતિ

એજ લિ.

આત્મભાવે વંદન.



ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ

પ્રાર્થનાની પાંચમી અવસ્થા

ઉપકારી ચોથી અવસ્થાના અંતમાં થયેલા અનુભવોને કારણે ભગવાનના પ્રેમીભક્તના અંતરમાં પ્રતીતિ આવે છે કે તેનો સંસાર કિનારો હવે દૂર નથી એટલે આત્મજ્ઞાનની પ્રાપ્તિ સમીપમાં જ છે. તે પોતાના હૃદયથી સ્વીકારેલા શ્રી સદ્‌ગુરુ પાસે જઈ વિનયપૂર્વક વંદન કરી, નહીં દૂર કે નહીં સમીપ બેસે છે. શ્રી ગુરુની શાંત મુખમુદ્રાના દર્શનથી હર્ષિત થાય છે, શાંત થાય છે; અને પછી પોતાના કલ્યાણ માટે માર્ગદર્શન આપવા ભક્તિસહ વિનવે છેઃ-

''હે પ્રભુ! અનાથના નાથ! આપ સર્વ સમર્થ છો. આપના પવિત્ર અને કલ્યાણકારી સત્સમાગમથી આ જીવને સંસાર, દેહ અને ભોગનું સત્સ્વરૂપ સમજાયું છે અને આ સંસારથી સર્વથા છૂટવાની અને અવ્યાબાધ સુખસ્વરૂપ નિજાત્માની પ્રાપ્તિ કરવાની જિજ્ઞાસા થઈ છે. આપના શુદ્ધ જ્ઞાનમાં પામર જીવની સત્પાત્રતા જણાતી હોય તો આપને યોગ્ય લાગે તેમ આજ્ઞા આપી વીતરાગમાર્ગ પર આરૂઢ કરવા વિનવું છું. કૃપા કરી આજ્ઞા આપો અને કૃતાર્થ કરો.''

જીવને હૃદયના ઊંડાણમાંથી સંવેદન થાય છે કે શ્રી ગુરુની મુખ મુદ્રા ઉપર જે શાંતિ છે એ અલૌકિક છે, જુદી છે. એ ઊંડા ધ્યાનમાં હોય ત્યારે અથવા કોઈપણ કામમાં વ્યસ્ત હોય અને કાર્ય પૂરું થાય ત્યાર પછી મોઢા ઉપર જે શાંતિ જોવામાં આવે અને લાગે કે આ અદ્‌ભુત છે, તો એ ગુણ આપણામાં પ્રગટ છે. એમની સાથે પરિચયમાં હોઈએ ત્યારે મન, વચન, કાયાની અનેક જુદી જુદી જે ચેષ્ટાઓ છે એની ઉપર જો લક્ષ કરવામાં આવે તો આપણો વિકાસ સહજાસહજ થાય છે. હે નાથ! હે પ્રભુ! બોલીએ ત્યારે

જે સુખના બળવાન કારણો છે એ સુખ અમુક માત્રાથી વધે તો એ ભયંકર દુઃખનું કારણ છે. જ્યારે ગુરુ પ્રત્યે અદ્‌ભુત એવી અર્પણતા થાય ત્યારે જ જીવ ભવોભવની પોતાની માન્યતા છોડી શકે છે.

સામે મુદ્રા હોય તો એનું ફળ છે અન્યથા તો નથી.

સંસારમાં જે જે ભોગો ભોગવીને આનંદ લઈએ છીએ કે સુખ પ્રાપ્ત કરીએ છીએ એનો ઊંડો વિચાર કરીએ તો એક ભ્રાંતિ સિવાય બીજું કાંઈ નથી. એ સુખ આંશિક છે, અમુક સમય પુરતું છે. એ સમય પછી એ સુખ, દુઃખનું કારણ થાય જ છે. આ વાક્ય ઉપર ખૂબ જ ખૂબ જ વિચાર કરવો કે કેવી રીતે સાચું છે ? જે સુખના બળવાન કારણો છે એ સુખ અમુક માત્રાથી વધે તો એ ભયંકર દુઃખનું કારણ છે. જ્યારે ગુરુ પ્રત્યે અદ્‌ભુત એવી અર્પણતા થાય ત્યારે જ જીવ ભવોભવની પોતાની માન્યતા છોડી શકે છે. સંસારના ભોગને ભ્રાંતિરૂપ સમજ્યા પછી ભ્રાંતિ વગરનું સાચુ સુખ શું ? એનો વિચાર આવતાં થાય કે સત્‌સુખ તો આત્મામાં રહેલું છે. માટે આત્માની પ્રાપ્તિ મને થવી જોઈએ, એવી ભાવના, વિચાર ઉત્પન્ન થાય છે.

પ્રાર્થનાની ચાર અવસ્થા સુધી જીવ આગળ વધે, એમાં જે પ્રમાણે લખ્યું છે એ પ્રમાણે બરાબર પુરુષાર્થ કરતાં, અત્યંત આનંદ, શાંતિનો અનુભવ થયા કરતો હોય એટલી દશા આવે ત્યાર પછી સદ્‌ગુરુની પ્રત્યક્ષ આજ્ઞા મળે. જીવની સાચી યોગ્યતા અને પાત્રતા થાય ત્યાર પછી જ સાચો મંત્ર મળે છે.

શ્રી સદ્‌ગુરુદેવને ભક્તની સત્પાત્રતા જોઈને અને સાચો છૂટવાનો કામી છે એમ જાણીને અનહદ્‌ એવો પ્રમોદભાવ ઉપસી આવે છે અને તેઓ નિષ્કારણ કરુણાથી સત્પથદર્શન કરાવે છે, ભક્તિનું રહસ્યમય સત્સ્વરૂપ સમજાવે છે અને અત્યંત પાવનકારી આરાધનમંત્રનું દાન કરે છે. ભક્ત હર્ષ અને પ્રેમના અતિરેકથી પુલકિત થઈ ઊઠીને પરમ ઉપકાર માને છે ત્યારે શ્રી ગુરુ મૂક આશિષ આપી તેને નવાજે છે.

જીવને જો છૂટવાની તીવ્ર ઈચ્છા હોય, તો ગુરુ પ્રસન્ન થઈ જે કાંઈ આપવા જેવું હોય છે તે અવશ્ય આપે છે.

જે કાંઈ આજ્ઞાઓ આપવામાં આવી હોય એ આજ્ઞાનું યથાર્થ પાલન થયા કરતું હોય, આજ્ઞા એ ધર્મ, આજ્ઞા એ તપ, એવી લગની લાગે અને કંઈક વિશેષ યોગ્યતા થાય, ત્યાર પછી મંત્રનું દાન થાય છે.

આ મંત્ર આજે જ સો ટકા ફળ આપી જાય એ પોસીબલ નથી પણ શ્રદ્ધા અને વિશ્વાસ જોઈએ કે આવતા થોડા ભવમાં મળશે જ. મંત્ર આરાધન કરતાં ૪૮ મિનિટ કહેતા અંતમુર્હતમાં નિર્વિચાર, નિર્વિકલ્પ દશા જો પ્રાપ્ત થાય તો એ કેવળજ્ઞાન છે.

જે શબ્દો ગૂંથીને આપેલાં હોય એ શબ્દોનો અર્થ આત્મસાત્‌ થઈ અનુભવમાં આવવો જોઈએ. 'શાંત સ્વરૂપ' જ્યારે કહીએ ત્યારે આત્માના શાંત સ્વરૂપની કંઈક અનુભુતિ થવી જોઈએ. 'ચૈત્યનધન' કહેતાં આત્માનું ચૈતન્યપણું સાક્ષાત પ્રગટ થવું જોઈએ. મંત્રના અર્થ વિસ્ફોટ થઈ સમજવામાં આવે એવા ભાવ સાથે મંત્રનું આરાધન થવું જોઈએ. દરરોજ ૧૫ મિનિટ, અડધો કલાક, દિવસમાં બે વાર બેસીને મંત્ર કરીએ તો ચોક્કસ થોડા વર્ષોમાં પ્રેક્ટીશ પડી જાય અને પછી તો ગમે ત્યારે થોડોક સમય મળતાં ઓટોમેટિક આત્માનું સહજસ્વરૂપ પ્રગટ થઈ જાય છે.

ટોપ મોસ્ટ પ્રાયોરીટી મંત્ર આરાધનની છે. મંત્રનું આરાધન જ્યારે થતું હોય તો જીવ અત્યંત હર્ષથી પુલકિત થાય છે. શ્રી ગુરુએ મંત્રની સિદ્ધિ કરેલી હોય ત્યાર પછી એ મંત્ર જો આપવામાં આવે તો કામ લાગે. જેવી રીતે 'સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ'નો મંત્ર પ્રભુશ્રીને મળ્યો. પરમ કૃપાળુ દેવની આજ્ઞાથી ડાયરેક્ટલી પ્રભુશ્રીએ જેને

જેને મંત્ર આપ્યો હોય એ બધાને કલ્યાણનું કારણ થાય. પ્રભુશ્રીએ બ્રહ્મચારીજીને કહેલું હોય આ મંત્ર સિદ્ધ છે, હવે તમે આપજો, અને બ્રહ્મચારીજીએ તેમના હસ્તક બીજાને આપેલો હોય, તો પણ એ કલ્યાણનું કારણ થાય. આજે તો સહજાત્મસ્વરૂપ પરમગુરુ સહજપણે થાય છે. આ બધાના ખૂબ જ ઊંડા રહસ્ય છે. આવો મંત્ર મળેલો હોય ત્યારે કંઈક એવી વિધિ પણ કરવામાં આવતી હોય છે જેને શક્તિપાત કહી શકાય. એવું જો હોય તો જીવને ચોક્કસ કલ્યાણનું કારણ બને એ નિયમ છે. કોઈ જગ્યાએ આશંકા, કુશંકાનું કારણ થાય તો અટકી પણ જવાય.

શ્રી સદ્‌ગુરુના સાનિધ્યમાં કોઈ બાહ્ય કારણ વિનાની શાંતિનો સુંદર અનુભવ, સુગંધની લહેરોનો અનુભવ, રાગદ્વેષની પરિણતિનો ઉપશમ, અંદરની શીતળતા, સહજ એવું હૃદયમાં પ્રેમનું વહેવું, શ્રદ્ધાના તેજનું પ્રકાશિતપણું, જરૂર મુક્ત થવાશે એ ભાવની સ્વયં ઉદ્‌ભવ પામતી પ્રતીતિ. આ આદિ કારણોથી ભક્તના હર્ષનો કોઈ પાર નથી, આનંદની અવધિ નથી, ઉલ્લાસ અને ઉમંગની કોઈ સીમા નથી. તેના દિલના દરિયાના ઊંડાણમાં એકજ ભાવ ગુંજે છે, ''આજ્ઞાનું આરાધન એ જ ધર્મ; આજ્ઞાનું આરાધન એ જ તપ.''

સદ્‌ગુરુના પરિચયમાં રહેતાં જીવને એમની પ્રત્યે અંતરંગથી સાચી બળવાન શ્રદ્ધા થાય છે ત્યારે તેને અલગ અલગ અનુભવ થાય છે. સખત ગરમી હોય અને એમની પાસે જઈ બેસીએ તો શાંતિ અને ઠંડકનો અનુભવ થાય. કોઈપણ નિમિત્ત વગર જ્યારે આ અનુભવ થાય તો એ આત્માની શાંતિનો સાચો અનુભવ છે. એ જ પ્રમાણે ઘણા પ્રશ્નો લઈને ગયા હોય અને ત્યાં જાય એટલે બોલવાનું જ બંધ થઈ જાય. અજીબ તરહની શાંતિ લાગે કે આ શાંતિનું સુખ માણીએ, બોલવાની કાંઈ જરૂર નથી. શ્રી ગુરુના સાંનિધ્યમાં બેઠા હોઈએ, વાતચીત કરતાં કરતાં જીવનાં ભાવની અંદર પલટો થાય અને શુભભાવ કે આત્મચિંતન ચાલતું હોય ત્યાં અચાનક સુખડ, ચંદન, ગુલાબ કે કેસરની સુગંધનો પ્રવાહ ચાલે. કઈ સુગંધ આવે છે એના ઉપરથી જીવની દશા અને ગુરુની દશાનું ફળ નીકળે. પણ બન્નેનાં ભાવની એકરૂપતા થાય ત્યારે જ આ વસ્તુ બની શકે છે. એજ પ્રમાણે શીતળતા અને પ્રેમના વહેતા નિર્મળ ઝરણાનો પણ અનુભવ થાય.

ગુરુના સાંનિધ્યમાં જીવને આત્મતત્વની નજીક પહોંચવાના ઘણા બધા ચાન્સીસ છે. એમની પાસે બેસીએ ત્યારે એમને ચાહતાં અંતરમાં આખા જગત પ્રત્યે એવો પ્રેમભાવ ઉત્પન્ન થાય કે જગત આખાનું કલ્યાણ કરીએ, મારું કાંઈ નથી, જે છે એ બધાને આપીએ. એમના દર્શનથી અને એમની હાજરીમાં જ્યારે ધ્યાનમાં અથવા શાંતિથી બેઠા હોઈએ તો આવા બધા ભાવો ઉત્પન્ન થાય છે એ પણ તમારા બધાના અનુભવ હોવા જ જોઈએ. આટલું થાય ત્યારે જીવને ચોક્કસ એમ લાગે હવે આત્મજ્ઞાન સહજમાં છે, મોક્ષ સહજમાં છે.

અર્થાત બે, પાંચ, પંદર ભવ પણ અનંત ભવની સરખામણીમાં અત્યંત ઓછા છે. કોઈપણ એક આજ્ઞા મળી હોય અને એના ઉપર જો વિશેષ વિશેષ લક્ષ રહ્યાં કરતો હોય તો બીજા કોઈ પદાર્થ પ્રત્યે એવો લક્ષ ન રહે. આજ્ઞાના મહાત્મ્યના ચિંતવન મનન માત્રથી અદ્‌ભુત એવો વૈરાગ્ય અને ઉદાસીનતા સહજપણે હાજર થાય છે. હજારો વ્રત, તપ, બાધાઓ કરેલા હોવા છતાં જે વૈરાગ્ય હાજર નહોતો થતો એ વૈરાગ્ય સહજપણે આવતો જાય છે.

ભક્તિના ભારથી નમેલા પ્રેમીભક્તના આ વચનો સહજાસહજ સરી પડે છે.

મંત્ર આરાધન કરતાં ૪૮ મિનિટ કહેતા અંતમુર્હતમાં નિર્વિચાર, નિર્વિકલ્પ દશા જો પ્રાપ્ત થાય તો એ કેવળજ્ઞાન છે.

સૌજન્ય : અરૂણા સુરેન્દ્ર વાધર, મુંબઈ

આજ્ઞાના મહાત્મ્યના ચિંતવન મનન માત્રથી અદ્‌ભુત એવો વૈરાગ્ય અને ઉદાસીનતા સહજપણે હાજર થાય છે.

''હે પરમકૃપાળુદેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો આત્યંતિક ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળમાર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો તે અનંત ઉપકારનો પ્રત્યુપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું.

જીવને હવે અંતરના ઊંડાણમાંથી ભાવ આવે છે કે આ ભગવંતે આખો મોક્ષનો માર્ગ આપી દીધો છે. અનાદિકાળના જન્મ, જરા, મરણ અને બધા દુઃખોથી પૂરેપૂરી નિવૃત્તિ મળે એવો મોક્ષનો જે માર્ગ મને મળેલો છે એ સો ટકા સાચો છે.

જીવને સિદ્ધાંતથી માર્ગ સમજાઈ ગયો છે અને શ્રદ્ધા છે કે વીતરાગનો કહેલો એવો જે મૂળમાર્ગ એ જ આ સંસારના બધા દુઃખોનો સર્વથા ક્ષય કરવાનો સૌથી ઉત્તમ ઉપાય છે.

આ ભવની અંદર પણ પાંચ, પંદર વર્ષ ધર્મની આરાધના કરવાથી પરમાર્થ પુણ્ય કે પુણ્યાનુબંધી પુણ્યની હવે શરૂઆત થઈ છે. જે જે વિષમ સંજોગો સંસારમાં વારંવાર ઉત્પન્ન થતાં હતાં એવા સંસારના કેટલાયે પ્રોબલેમ આ ધર્મની પ્રભાવના કારણે સહજપણે સોલ્વ થઈ જાય છે. આવી પ્રતીતિ તો રોજ સવારસાંજ બધાને મળતી જ હોય છે. વીતરાગમાર્ગ જ સાચો માર્ગ છે એ જીવને હવે આટલા પુરુષાર્થ કર્યા પછી સમજવામાં આવે છે. આખું જગત ભગવાનને ભજે છે પણ એ ભગવાન નીરાગી છે કે નહીં એવો તો વિચાર જ નથી. વીતરાગતાના જે ગુણો કહીએ એ તો અત્યંત જૂજ લોકોને સમજવામાં હોય.

આટલું અદ્‌ભુત તમે મને જે આપેલું છે, એના કરતાં બીજું સારું તમને શું આપું ?

'આત્માથી સૌ હીન', એ આત્મા તમે આપ્યો છે. તમે જે આપ્યું છે એની સરખામણીમાં હું કાંઈ કરતા કાંઈ આપી શકું એમ નથી, બદલો વાળવા અસમર્થ છું. 'હું પણું' આપી શકીએ, ક્રોધ, માન, માયા, લોભ, વાસના આ બધા ભગવાનને આપીએ; એ લઈ લે અને આપણને મુક્ત કરે છે.

વળી આપ શ્રીમદ કંઈપણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો. જેથી હું મન, વચન અને કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું.

આત્મા સિવાય અમે જે કંઈ તમને આપવા માંગીએ એવી તો કોઈ ચીજ તમને જોઈતી નથી, તમે લેવાના નથી, તો બદલો કઈ રીતે વાળી શકાય ?

આ જગ્યાએ જેને કંઈ કરતાં કંઈ આપી ન શકાતું હોય એને આપણી સર્વસ્વ પ્રકારની અર્પણતા કરી શકાય છે. આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું, આપની મહાનતાને સ્વીકારું છું, મારી તુચ્છતાને સ્વીકારું છું, જેવા છીએ એવા તમારા છીએ. અમને સ્વીકાર કરી લ્યો. અદ્‌ભુત એવો આત્મા આપણને આપે છે એવા સદ્‌ગુરુને હલકી ચીજ આપણે આપવા જઈએ તો આપણી મુર્ખાઈ સિવાય કાંઈ જ ન હોય. એ જગ્યાએ ફક્ત તન-મન-ધન, મન-વચન- કાયાની અર્પણતા કરીએ. બસ જેવા છીએ એવા બધા દોષ સહિત અમને એક્સેપ્ટ કરો એજ અમને જોઈએ છે.◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

वचनामृत पत्रांक ९७



धर्म, अर्थ, काम और मोक्ष, इन चार पुरुषार्थ प्राप्त करने का सत्पुरुष उपदेश दे रहे हैं। जो केवल धर्म करते हैं, धर्मात्मा होते हैं, वे केवल धर्म का उपदेश देते हैं, परंतु सत्पुरुष का एकही लक्ष है कि कर्म किस प्रकार क्षय हो और अनंतकाल के इतने भयंकर दुःख में से जीव किस प्रकार से छूटे? एक व्यवहार पुरुषार्थ, एक परमार्थ पुरुषार्थ। धर्म की परिभाषा क्या है?

पदार्थ के स्वभाव को धर्म कहा जाता है।

पदार्थ में रहा कोई विशेष प्रकार का गुण, उस गुण का दूसरा नाम धर्म है। जिस पदार्थ का जो स्वभाव है उसे उसका धर्म कहने में आया है।

जड़ और चैतन्य सबंधी विचारों को 'अर्थ' कहा है।

चित्त निरोध को 'काम' कहा है। सभी बंधन मुक्त होना वो 'मोक्ष' है।

इस प्रकार से सर्वसंग परित्यागी की अपेक्षा से कर सकते हैं। सामान्य रुप से इस प्रकार से :

धर्म – संसार में अधोगति में गिरने से रोक सके और संभाल सके वो धर्म।

अर्थ – उपजीवन में सांसारिक साधन, वैभव, लक्ष्मी आदि।

काम – नियमित रूप से स्त्री का परिचय

मोक्ष – सर्व बंधन से मुक्ति वोह मोक्ष।

धर्म को पहले क्रम में रखने का प्रयोजन यह है कि अर्थ और काम ऐसे होने चाहिये की धर्म जिसका मूल होना चाहिये। इसलिये 'अर्थ' और 'काम' को बाद वाले क्रम में रखा है। गृहस्थाश्रमी को एकांत धर्म साधना करने की इच्छा हो तो इस प्रकार से नहीं हो सकता, सर्वसंग परित्याग ही होना चाहिये। गृहस्थ को भिक्षा आदि कार्य योग्य नहीं और गृहस्थाश्रम में दो प्रकार के धर्म बताये है।

मुनिदशा में जो जो पुरुषार्थ है वैसा ही पुरुषार्थ गृहस्थाश्रमी

धर्म को पहले क्रम में रखने का प्रयोजन यह है कि अर्थ और काम ऐसे होने चाहिये की धर्म जिसका मूल होना चाहिये।

को कहने में आता है कि आपको इस प्रकार से पुरुषार्थ करना चाहिये। तो पहेली बात आयेगी कि आपको संसार छोड़ देना पड़ेगा, तो ही आपको मोक्ष मिल सकता है।

मुनि दशा में जो चार पुरुषार्थ करने चाहिये, ऐसे ही पुरुषार्थ का आग्रह संसारी जीव के लिये भी करने में आये तो संसारी गृहस्थाश्रमी जीव इस प्रकार का पुरुषार्थ नहीं कर पायेंगे। उन्हे एक निराशा आ सकती है कि हमें मोक्ष नहीं मिलेगा। तो क्या जो लोग संसार में है वो मोक्ष का पुरुषार्थ नहीं कर सकते? अवश्य ही कर सकते है। उनके लिये अलग प्रकार से संसार में रह कर, कुछ अलग प्रकार की छूट देने में आती है। और फिर जैसे जैसे दशा वर्धमान होती है तो इस भव में या किसी दुसरे भव में ज्ञान प्रकट होता है तब जीव को संसार में रहना अत्यंत दुष्कर, अत्यंत सहज रूप से उनको सर्वसंग परित्याग की इच्छा होती है।

समझपूर्वक जिन्होंने दीक्षा ग्रहण की है वह जीव को अपने ज्ञान में स्पष्टरुप से समझ है कि इस भव में सभी संसारी सबंध से मैं संपूर्ण रूप से छूट गया हूँ। जो संसारी कर्म है वो भविष्य में दूसरे अथवा तीसरे भव में उदय में आयेंगे और इस भव में वो जीव दीक्षा ग्रहण कर लेते हैं।

बिना समझे दीक्षा ग्रहण की हो या किसी प्रकार के आवेश में आकर जैसे बलवान वैराग्य का आवेश आ गया हो और उस समय दीक्षा ग्रहण की हो या संसार से ऊब (कंटालकर) कर अथवा तो अपघात करने से अच्छा दीक्षा ग्रहण कर ले। किसी भी प्रकार की परेशानी नहीं होगी, संसार की अपेक्षा दीक्षा में अच्छे प्रकार से जीवन निर्वाह होगा। कोई ऐसे गुरु मिल जाते हैं जिनको केवल अपने शिष्यों की संख्या बढ़ानी है और जो कम समझवाले जीव होते हैं वो दीक्षा ग्रहण कर लेते हैं। शिष्य बनने की गुणवत्ता कितनी है? वो दीक्षा के योग्य है या नहीं? ऐसी भी समझ गुरु में नहीं हैं।

दीक्षित दो प्रकार के हुए। जिन्होंने आत्मा को समज कर, आत्मा के कल्याण के लिये दीक्षा ग्रहण की है। दुसरे संसार में जो कुछ है उससे ज्यादा अच्छे प्रकार से, सुख, शांति और आनंद से जीवन व्यतीत होगा ऐसी समझ के साथ दीक्षा ली होती है। बाह्य वैराग्य के नाम पर दीक्षा ली होती है। वास्तव में अंतरंग वैराग्य नहीं होता। जैसा हमारा संसार चलता है, उसी प्रकार से संन्यासी – साधू आदि का संसार चलता है। केवल कपड़े और भाषा में बदलाव होता है, कषाय और विषय में कोई ज्यादा बदलाव नहीं होता।

पहले प्रकार में जो चार पुरुषार्थ बताया है वो हम सभी के लिये है। वस्तु के स्वभाव को धर्म कहा जाता है। हम सब कौन है? हम सभी आत्मा है। तो आत्मा का स्वभाव क्या हैं? आत्मा का स्वभाव है विभाव में नहीं जाना। यह छोटी परीभाषा है। आत्मा का जो मुख्य गुण अथवा स्वभाव है वो है केवल देखना और जानना। जो कुछ देखते हैं उसमें न राग होना न द्वेष होना अथवा किसी भी प्रकार के दूसरे भावों का न होना, भावो का उत्पन्न ही न होना केवल देखना और जानना जिसका दूसरा नाम है चैतन्यता, चैतन्य गुण जिसे हम 'ज्ञाता और द्रष्टा'भी कह सकते है। किसी भी प्रकार की हमे असर न हो, किसी भी प्रकार के विकल्प न आना, किसी भी प्रकार के विचार मात्र न होना और सहज रुप से जो क्रिया होती है तो ऐसा कह सकते हैं कि आत्मा अपने स्वभाव में है। अथवा आत्मा खुद अपने धर्म को जान कर उस धर्म के अनुसार वर्तन कर रहा है। सभी धर्म यह एक समझ में समा जाते है। समता भाव में, शांत भाव में आत्मा अपने स्वभाव में है तो जानने और देखने के अलावा कोई भाव उत्पन्न नहीं होता।

यदि ऐसा नहीं होता और भाव उत्पन्न होते ही रहते हैं तो वहां भाव के चार प्रकार बताये है। सबसे कम भाव वो संजवलन प्रकार है। उससे तीव्र जो प्रकार है वो प्रत्याख्यानी है। उससे भी तीव्र प्रकार वो अप्रत्याख्यानी है और अंत में जो अत्यंत तीव्रातितीव्र भाव है वो अनंतानुबंधी कषाय है। इस कषाय में क्रोध, मान, माया, लोभ के जो भाव उत्पन्न होते हैं वह इतने

जो कुछ देखते हैं उसमें न राग होना न द्वेष होना अथवा किसी भी प्रकार के दूसरे भावों का न होना, देखना और जानना दूसरा नाम है चैतन्यता।

बलवान भाव होते हैं कि मारु या मार डालूँ ऐसे भाव बार-बार उत्पन्न होते है। वो आत्मा का धर्म नहीं है। आत्मा नाम के पदार्थ का वह स्वभाव नहीं है। ऐसे विभाव में से, स्वभाव के विरुद्ध वर्तन में से आत्मा का स्वभाव, शांत भाव में वापस लाना उसी का नाम धर्म है। सुबह से रात तक किसी भी प्रकार की क्रिया हैं तो प्रत्येक क्रिया के समय लक्ष एक ही रहना चाहिये कि आत्मा स्वभाव की तरफ आ रहा है क्या?

बस इतनी समझ हो तो 'काम' या 'अर्थ' चल रहा हो तो वो क्रिया छूटने की हो जायेगी क्योंकि वहाँ समता भाव में रह सकते हैं। विशेष प्रकार से राग और द्वेष नहीं कर सकते। तीव्र आसक्ति भाव से कोई क्रिया नहीं हो पाती क्योंकि समझ है, यह तीव्र क्रिया आत्मा का स्वभाव नहीं, विभाव और विरुद्ध का भाव है।

अपने स्वभाव से विरुद्ध भाव के अंदर जो क्रिया होती है और जिसकी आदत कई भवों से पड़ी हुई है, उस आदत से अब धीरे-धीरे वापस आना है। अर्थात् अत्यंत तीव्र कषाय 'मरुँ या मार डालूं' यह सुना उसी सेकंड से पुरुषार्थ शुरू हो जाता है।

उसके पश्चात जो विशेष प्रकार के विरुद्ध भाव यदि अंदर में हो जाते हैं तो तुरंत ही परम कृपाळु देव के पास क्षमापना चालु हो जाती है, ''भूल से आज इस प्रकार से तीव्र विभाव हो रहे है, उससे मुझे रहित करना, मुझे रहित करना।'' इस क्रिया को साध्य करने के लिये ही हजारो प्रकार के अलग अलग अनुष्ठान, भक्ति, स्तवन, पूजा वांचन किये हैं।' अनेक दर्शन में अनेक प्रकार की धर्म क्रिया है, उन सभी का लक्ष है कि आत्मा नाम का पदार्थ अपने स्वभाव में आये परंतु हम वस्तु का स्वभाव ही भूल गये हैं।

'मैं आत्मा हूँ', 'मैं कोई पदार्थ हूँ', 'मेरी अलग पहचान है' और एक अलग ही अस्तित्व हैं वो 'मैं' हूँ। यह अस्तित्व जानने के बाद उसमें कितनी खराबी है? ऐसी समझ के साथ अपने स्वभाव में वापस आए तो धर्म की परीभाषा १०० प्रतिशतः सही हैं।

जगत के सभी लोगों को धर्म की यर्थाथ परीभाषा भी मालूम नहीं। कुछ क्रिया कर ली उसी को धर्म कहते हैं। परीभाषा को पूरे जगत में कोई चेलेन्ज नहीं कर सकता। मैं कौन हूँ? 'आत्मा हूँ' मेरा स्वभाव क्या है? अर्थात् लक्षण, गुण, धर्म क्या है? यह समझ आ जाये और फिर आज क्या विकार है? जीव खुद अपना ही लक्ष किया करे, तो किसी भी प्रकार की क्रिया करे न करे, तो सहज रूप से यह दशा प्राप्त होगी।

परंतु यदि क्रोध आ रहा हो तो मुझे चुप रहना हैं ऐसा करके साधना तो करनी ही पड़ती है। धर्म की समझ आ जाये तो हो जाता है, करना नहीं पड़ता।

जड़ और चैतन्य सबंधी विचारो को 'अर्थ' कहा है।

अर्थ का मतलब द्रव्य उपार्जन नहीं है। मुनि को क्या अर्थ करना है? पैसे कमाने? उनको तो केवल जड़ द्रव्य कहते हैं। चेतन किसे कहते है? चेतन के गुण, धर्म और लक्षण क्या हैं? जड़ के गुण धर्म, लक्षण क्या हैं? जड़ कैसा है? चेतन कैसा है? अत्यंत गहराई से समझना है। उसके विचार होने चाहिये। जड़ और चेतन के गहराई से विचार करते - करते सूक्ष्म विचार होते जायेंगे। इस प्रकार जैसे - जैसे सूक्ष्म विचार होते हैं वैसे वैसे तीक्षणता ज्यादा और ज्यादा आती है। अर्थात् अत्यंत वस्तु की समझ आयेगी।

जड़ और पुद्गल के पदार्थो के बहुत गहराई से विचार करते करते परमाणु तक पहुँच जाते है। और चेतन का गहराई से विचार करते करते प्रदेश तक पहुंच जाते हैं।◆

... क्रमशः

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के पत्रांक ९७ के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

THE MASTER'S VOICE

SHRIMAD RAJCHANDRA VACHANAMRUT

Patrank 166

Mumbai, Kartik Sud 6, Tuesday, 1947

Knowledge of infinite scriptures is hidden within every word of a Self Realized Person.

In what manner?

I believe the following sentences with the approval of innumerable self realized persons to be beneficial for every aspirant and the top most cause for liberation:-

1. ***Unless and until worldly desires of all kinds are given up, it is impossible to get liberated; so from the very moment this sentence is heard, it should be understood that one must begin its practice immediately.***
2. ***Anyhow search for a Sadguru; on finding him surrender unto him your body, mind, speech and soul; follow his agnya (command) without any doubt; understand that only then one can get rid of all worldly desires.***
3. ***During the course of this ages old transmigratory cycle (of birth & death), infinite times one has studied scriptures, educated oneself, infinite times one has renounced the world and infinite times, one has become an acharya (teacher). Yet, "truth" has eluded, "truth" is not heard, "truth" is not believed and only on finding it, hearing about it and believing in it, the soul will resonate the answer from within that I will get liberated.***
4. ***The path of liberation is not outside but within the soul. Only the One who has trodden the path will be able to show it.***
5. ***The path is hidden within just 2 letters and in spite of doing so much since ages, why it is not yet found should be thought of.***

Knowledge of infinite scriptures is hidden within every word of a Self Realized Person.
In what manner?

Every jeev (aspirant) should deeply contemplate on this important question and unravel the hidden secret in it anyhow and at any cost. Reflecting upon each of a Gyani's vachans will unravel the knowledge within infinite scriptures. Secondly, it also means that a Gyani's vachan is understood from several angles. There is a principle that even if one aatmic virtue blossoms in a jeev, several

other virtues also naturally start blossoming in him. This is the reason why in this world, whoever does dharm aaradhana, gets attracted to various different virtues and acquires them. This is in the initial stages of development and after a few years, everyone come to the same level. Thus contemplating on a Gyani's vachans, there is a tremendous change in the life of an aspirant.

Param Krupaludev's small vachans ought to be thought of again and again constantly, day in and day out like mantra chanting. Similarly, a Gyani's vachans ought to be contemplated upon. There is something which a Gyani intends to convey through his vachan. Our understanding is worldly but a Gyani's vachan contains spiritual wisdom which has to be unraveled. Gyani uses worldly language but one ought to find out the hidden spiritual meaning in it. This is the way in which an aspirant progresses.

Param Krupaludev thereafter lays down the 5 important sentences. If these 5 vachans get ingrained in life or if one deeply keeps thinking on them again and again and puts them in practice, they will become a cause for liberation. Param Krupaludev then says that innumerable self realized souls have given their approval. So, the question is did Param Krupaludev go to seek their approval? The answer is No. The meaning is, He put them into practice in his own life and achieved an elevated aatmic state and all those who attained liberation had similarly done so. To progress on the spiritual path and achieve such a state, one will have to put these in practice. Conversely said, if these are not put in practice, an aspirant will never acquire the capability for liberation.

"1. Unless and until worldly desires of all kinds are given up, it is impossible to get liberated; so from the very moment this sentence is heard, it should be understood that one must begin its practice immediately".

Whoever has understood what true spirituality is or is genuinely desirous of walking on the spiritual path will have to decide for sure that liberation and world (sansaar) can never ever walk hand in hand. From whatever materialistic things of this world we derive pleasures, like wealth or the enjoyment from 5 senses, they are all inanimate. Even our physical body is inanimate and so also the pleasures derived from it. Deriving happiness from inanimate things is called "maya" or "ignorance" or "delusion" and scriptures and different philosophies of the world, all mean to say that a soul deriving pleasure from inanimate things is illusory.

An aspirant has to understand that to keep deriving such illusory pleasures and also attain liberation is not possible ever. Many aspirants who come to me say, we are prepared to do whatever you tell us but I can't leave my near and dear ones or my business. Such people have to understand that having such desires within can never lead to liberation. Following the worldly way of religious life is a different matter but to attain self realization and the glory of soul is not possible.

The question which will naturally arise is, in this life, I am highly attached to my near and dear ones whom I can't just leave, so whether I should follow spirituality or not? The answer is, *"unless and until worldly desires of all kinds are given up, it is impossible to get liberated".* This has to be understood as a spiritual principle and put in practice from today, that if not in this life but in the next life or lives thereafter, I will surely give up this sansaar and develop strong detachment towards the pleasures of worldly objects.

Param Krupaludev says, unless and until i.e. whenever an aspirant desires to get liberated, he

will have to give up worldly desires. The decision should be made today that I will give up these desires in next say, 2, 3 or 5 lives and accordingly the practice should begin. During the entire period, one will have to keep desiring, I do not wish to indulge in these worldly pleasures. With such a desire within, one will have to then reflect on the worldly pleasures and slowly and steadily the feelings of detachment will come naturally. In the present life, due to business commitments or family responsibility, one can surely decide that from 24 hours, I will devote 4-5 hours for my spiritual sadhana of reducing my desires for worldly pleasures and increasing my desire for liberation.

"2. Anyhow search for a Sadguru; on finding him surrender unto him your body, mind, speech and soul; follow his agnya (command) without any doubt; understand that only then one can get rid of all worldly desires".

Having decided to give up worldly pleasures, everyone has experienced that to hold on to our pledges is extremely difficult. Pledge taken for an entire life time gets broken or if it is for a limited period, the focus (anxiety) is when will the period end. Secondly, although we may have made a pledge for a particular time period, it is not necessary that we will achieve success in that period. The profound wisdom contained in that sentence is likely to be missed. An aspirant will understand that he has to give up worldly pleasures and will develop a negativity, a dislike for them. Many an aspirants on spiritual path adopt such principles literally, for e.g. I don't even want to see the face of my wife and in this manner, build strong dislikes within. That is why it is very important to seek a Sadguru and surrender unto him, giving up everything.

"That I am Mr. or Mrs. so and so, a wealthy person, a learned person……" is not the way in which you surrender before a Sadguru. The feelings have to be, "I am a soul covered with karmas, you and me are bonded through souls. I am surrendering my soul, bereft of mind, speech and body unto you, do whatever you wish to do with it. My soul is within this body and therefore, whatever penances you wish me to perform via this body, please make me undergo them. Let my mind be engaged in spiritual contemplation….. and so on".

Having surrendered in this manner, thereafter, his agnya, small or big should be followed without any doubt. In today's times, we all know that in the name of religion, lot of malpractices etc. are going on in this world. Hence, doubts will arise. But here the meaning is not following agnya with blind faith. One ought to use his own discrimination and clear doubts but to insist that what I believe in is only right is not correct.

In this manner worldly desires will reduce because a Sadguru has assumed more importance than worldly desires. The devotion and love for a Sadguru will be more stronger than all the wealth and one is willing to give it up unto him. In this manner, astonishingly, the feelings of attachment towards wealth, property gets diminished and slowly one gives up its desires.

However, it is very difficult to find a Sadguru, but if one can't find him elsewhere, it can surely be found in Param Krupaludev and if devotion for Him is born, it lead to reason for liberation.

Aum Shanti: Shanti: Shanti:

(to be continued)

Note: This edited version of Param Pujya Premacharyji's discourse is done by the Editorial Team of Ananya Parivartan

સમાધિ મરણ

■ **પૂ. ભોગીલાલ ગિ. શેઠ** (પરમ પૂજ્ય બાપુજી)

મરણ વખતે દુ:ખ કેટલું ?

દેહ છૂટવાના અવસરે, છેલ્લામાં છેલ્લે, આત્મા (જીવ) દેહથી ભિન્ન થાય ત્યારે કેટલું દુ:ખ થતું હશે તે જાણવાના પ્રયાસ વૈજ્ઞાનિકો અને મોટા નિષ્ણાંત ડૉક્ટરો આજે કેટલાંક વર્ષોથી કરી રહ્યાં છે અને કરે છે. તેઓએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે તે વેળાએ દુ:ખ કે વેદના હોતાં નથી; અંદરમાં પારાવાર અશક્તિનું સામ્રાજ્ય હોય છે. સર્વ ઈન્દ્રિયોની અતિ અતિ શિથિલતા હોય છે; ઊંડા ઊંડા જવાતું હોય તેમ લાગે પણ દુ:ખ કે પીડા કે વેદનાનો અનુભવ નથી.

આ લખતી વેળાએ આ લખનારનો (પૂ. બાપુજી) એક અનુભવ તાદૃશ્ય થાય છે; તેની સ્મૃતિ જેવી ને તેવી જ છે; લેશ માત્ર ક્ષતિ તેમાં પ્રવેશી શકી નથી. તે વખતે તેની ઉંમર અગિયાર વરસની હતી. દેહ ડબલ ન્યુમોનિયાની વ્યાધિમાં સપડાયો હતો; દાક્તરી ઉપાય ચાલુ હતાં. વ્યાધિ તેના ઉગ્ર સ્વરૂપમાં આગળ વધતી હતી. છેવટે એક દિવસે સંધ્યાકાળ બાદ દેહાવસ્થા ગંભીર થઈ. તુરંત દાક્તર તપાસ માટે આવ્યા અને હૃદય, ફેફસાં, નાડી વગેરેની ઝીણવટભરી તપાસ બાદ, તે જ ઓરડામાં પણ પથારીથી થોડે દૂર દાક્તરે ધીમા સ્વરે પિતાજીને કહ્યું, 'કેસ અતિ ગંભીર છે, થોડીવારમાં કદાચ અડધા કલાકમાં દેહ છૂટી જશે, અફસોસ છે કે કોઈ આશા નથી.' આમ કહી દાક્તરે રજા લીધી. જોગાનુજોગ દર્દીના કાન સરવા હતાં; આંખ મીંચેલી અને શુદ્ધિવિહોણો દેખાતો તે જાગૃત હતો. દાક્તરના શબ્દો ધીમે સાદે કહ્યા હોવા છતાં તેણે બરાબર અને સ્પષ્ટપણે સાંભળ્યા હતાં. આશ્ચર્ય પણ હતું. મૃત્યુનો કોઈ ભય નહોતો. અંદરમાં સ્વસ્થતા અને શાંતિ હતી. થોડીવાર પછી નબળાઈ ખૂબ વધી ગઈ; હાથ કે પગનું હલનચલન કરવાની શક્તિ નહોતી; આંખ ઉઘાડવા જેટલી તાકાત નહોતી; અને પછી તો સ્મૃતિમાં રહે એવો અનુભવ થયો; જાણે કેમ ઊંડા ઊંડા કૂવામાં ઊતરતા હોઈએ અથવા મન, જગત આખાનું વિસ્મરણ કરી ઊંડો જઈ ચૈતન્યપ્રભુ આત્માના સુખદ મિલન માટે પ્રયાણ કરતો હોય તેમ લાગતું હતું. દુ:ખ લેશ પણ નહોતું, વેદના કે મુંઝવણ નહોતાં. ભાગ્ય યોગે તે દર્દીનો મરણના પાશમાંથી છૂટકારો થયો. પાછળથી પિતાજી પાસેથી સાંભળ્યું કે, 'તું નવા અવતારે આવ્યો છે, પ્રભુજીની અસીમ કૃપા કે તું બચી ગયો.' તે સાંભળીને તેને પરમ આશ્ચર્ય થયું; તે અંદરમાં તો જાગ્રત અને શાંત હતો, તે વેળાએ તેણે મનોમન વિચાર્યું કે મરણ આમ જ થતું હશે શું ?!

કોઈ જીવો મગજની નસ તૂટી જવાથી એકાએક બેભાન બની જાય છે અને તેવી અવસ્થામાં કલાકો અથવા દિવસો સુધી રહીને પછી દેહ છોડે છે; એ દશામાં અંતકાળના દુ:ખ હોય તો પણ તેમને વેદન થતું નથી, જેમ ઓપરેશન (શસ્ત્રક્રિયા) પહેલાં બેશુદ્ધ કરવાથી દુ:ખ કે પીડાનું વેદન નથી તેમ. વળી કોઈક જીવો માંદગીના લગભગ છેડે બેશુદ્ધ થઈ જાય છે, જે બેશુદ્ધિ થોડા કલાકો અથવા થોડા જ દિવસો પર્યંત રહે છે, ત્યાર બાદ મૃત્યુ થાય છે ત્યારે પણ દુ:ખનો અનુભવ નથી. બેશુદ્ધ અવસ્થામાં રહી મરણ થાય તો ત્યાં સમાધિમરણ હોઈ શકે ?

જ્ઞાનીપુરુષ અંતકાળે બેશુદ્ધ દેખાતા હોય તો પણ જાગૃત જ હોય છે; અંતરમાં સ્વભાવ પ્રતીતિ, લક્ષ કે અનુભવ હોય છે. અજ્ઞાની જો થોડાક કલાકો માટે બેભાન થયા હોય તો બેશુદ્ધ થયા પહેલા જે ભાવ, પ્રશસ્ત શુભ, શુભ કે અશુભ હોય તેની પરંપરા ઘણું કરીને રહે છે અને તેના અસ્તિત્વનો આધાર પણ ભાવની તીવ્રતા પર અવલંબિત છે. સામાન્યપણે આમ કહી શકાય કે બેભાન સ્થિતિ એક, બે કે વધારે દિવસ સુધી ચાલે તો સમાધિમરણની શક્યતા નથી. તેવા જીવોના ભાવ મુખ્યપણે સંસારિક ઈચ્છા કે ધ્યેયની પ્રબળતાવાળા હોય છે, અધૂરા રહેલા કાર્યની પૂર્તિ કરવાના અને પાર ઉતારવાના હેતુરૂપ હોય છે.

મૃત્યુ વખતે હાજરી:

અંત સમય વખતે કોની હાજરી ઉપકારી થાય છે તે વિશેની વિચારણા અહીં કરવાની છે. એક લોકપ્રથા છે કે જ્યારે કોઈનું મરણ નિશ્ચિત અને સમીપ દેખાય, ત્યારે કુળધર્મના ગુરુ, સાધુ કે



સાધ્વીને બોલાવી દર્દીને માંગલિક સંભળાવે છે, જેથી તે જીવની સદ્‌ગતિ થાય. સફળ પરિણામ આવવું તે તો જીવના પોતાના ભાવ પર છે, પરંતુ પ્રથા અને ક્રિયા સારી છે. બેશુદ્ધ અવસ્થામાં હોય અને માંગલિક સંભળાવવામાં આવે તો લાભપ્રાપ્તિ થતી નથી. તેનો છેલ્લો શ્વાસ સંચરે ત્યારે સાધુ કે સાધ્વીની હાજરી સંભવિત થાય તો કોઈ અંશે લાભ થવાની શક્યતા છે.

મૃત્યુ વખતે કોઈ જ્ઞાનીપુરુષની હાજરી હોવી અતિ અતિ દુર્લભ છે. મોટા પુણ્યનો ઉદય હોય તો જ તે મહાત્મા પુરુષ આકરી કસોટીનો અવસર સંભાળવા હાજર હોય છે. તેમને તેડું કરવાની જરૂર રહેતી નથી, તેઓ પોતે પ્રભુ આજ્ઞાએ હાજર થાય છે. તેમની હાજરીથી છૂટતાં તેજના કિરણો દર્દીના અંતર સુધી પહોંચી તેના ભાવને અજવાળે છે અને પરિણામે તે જીવ સમાધિ મરણના લાભને પામે છે. ઉદયાનુસાર કોઈવાર તે સંત મહાત્મા દ્રષ્ટિથી કે સ્પર્શથી કે પ્રયોગથી જીવની લેશ્યા બદલાવી, ભાવોને શાંત કરી, ધર્મભાવમાં આણી તેનું સમાધિમરણ કરાવવામાં નિમિત્ત થાય છે. આ એક કોઈ અજબ આત્માની શક્તિ છે. તે જીવના દેહ છૂટવાનો સમય તે જ્ઞાનીપુરુષના નિર્મળ જ્ઞાનમાં હોય છે. દેહ છૂટવા માટેનું કોઈ દૈહિક ચિન્હ પ્રગટવાનું હોય તેનું જ્ઞાન પણ તેમને હોય છે અને વાસ્તવમાં તેવી પ્રતીતિ પણ મળે. વધારે આશ્ચર્યકારક તો એ છે કે જ્ઞાનીપુરુષની પ્રત્યક્ષ વિદ્યમાનતાએ દેહત્યાગીના સ્વજનાદિને પણ તેમના ભાવાનુસાર પરમાર્થલાભ થાય છે; તેમને જ્ઞાનીપુરુષની ઓળખાણ થઈ હોય અને આ પરિક્ષાના પ્રસંગે આત્મિક શક્તિના નજર સામે નિહાળેલા પરચા (પ્રભાવ)થી અહોભાવ અંતરમાં ઊગી આવ્યો હોય તો ઘણા કર્મો ખરી પડે છે અને તેમના દર્શનમોહની એટલે અજ્ઞાનની સ્થિતિ ઘણી ઘટી જાય છે.'

ઉપરમાં અજ્ઞાનીના દેહાંત સમયે જ્ઞાનીપુરુષની હાજરી સંબંધે વિવેચન કર્યું, હવે જ્ઞાનીપુરુષના દેહવિલયનો અવસર આવે છે તે વિશે જોઈએ. અગાઉ કહેવાઈ ગયું છે કે જીવની આત્મજ્ઞાનની દશા જે જે સ્થાનકે હોય તેને અનુરૂપ ધર્મભાવ અથવા આત્મભાવ સહજ અને વિના પ્રયત્ને અંતકાળે આવીને ઊભો રહે છે, તેમાં ફેરફાર થતો નથી એટલે દશાનો લાભ તેમને અવશ્ય સંપ્રાપ્ત થાય છે. આ અબાધિત નિયમ છે. ભેદ એટલો જ કે જ્ઞાનપ્રાપ્તિ પહેલાં અશુભ ગતિનો બંધ પડ્યો ન હોવો જોઈએ. પડ્યો હોય તો તેને અનુરૂપ ભાવ ઉત્પન્ન થઈ વિલિન થાય છે ને તત્કાળ સ્વભાવદશામાં આવી દેહ છૂટે છે.

જ્ઞાનીપુરુષના દેહ વિલયના અંત સમયે જે જે સ્વજન, સંબંધીઓ આદિ હાજર હોય તે તે પુણ્યશાળી ગણાય, કેમકે એક પવિત્રાત્માના પવિત્ર દર્શનનો પરમ ઉપકારી લાભ તેમને ભાગ્યયોગે મળે છે; આ લાભની સંપ્રાપ્તિ દુર્લભ છે. ભાગ્યની હીનતા હોય તો બરાબર દેહ અને આત્માના છૂટા પડવાના સમયે જ તેને કોઈ કારણવશાત્ બહાર જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે અને તે અંતિમ હિતકારી લાભથી વંચિત રહે છે. આ લાભ પરમાર્થ અપેક્ષાએ સમજવાનો છે; લાભની તરતમતા પોતાના ભાવાનુસાર હોય છે. હાજર રહેલા સર્વ જીવો ભવ્ય તો ખરાં જ, અભવ્યની હાજરી હોઈ શકતી નથી. જ્ઞાનીપુરુષની આત્મદશા જેટલી ઊંચી, વિશુદ્ધતા અને નિર્મળતા જેટલી વધારે તેમ લાભની અસર પણ ઊંચી અને વધારે. જ્ઞાનીપુરુષના આયુષ્યની છેલ્લી ઘડી સમીપ થતાં તેમની મુખમુદ્રા પર આત્માનું તેજ પથરાય છે અને તેમના દર્શનીય ચહેરા પર કાંતિ અને શાંતિ દ્રષ્ટિગોચર થાય છે જાણે કેમ તે પાસે ઊભેલાઓની ભ્રાંતિના ભંગ માટે કે આત્માની સુપ્રતીતિનો રંગ ચઢાવવા અર્થે એટલે કે કલ્યાણના હેતુએ હાજર થયા ન હોય ?

કોઈ વેળા એવો અપૂર્વ અને વિરલ પ્રસંગ આવે છે જ્યારે જ્ઞાનીપુરુષના દેહોત્સર્ગ સમયે અન્ય જ્ઞાનીપુરુષ કે પુરુષો હાજર હોય છે તેમ બીજા સ્વજનાદિ પણ હોય છે. તે વખતે દેહત્યાગ કરનાર જ્ઞાની કરતાં હાજર રહેલા કોઈ જ્ઞાનીપુરુષની આત્મદશા વધુ ઊંચી હોય તો તેમના પ્રત્યક્ષપણાથી, તેમની પ્રેમ અને કરુણાસભર દિવ્યદ્રષ્ટિથી તેમના પવિત્ર ભાવોના આંદોલનોથી ઈત્યાદિ કારણથી દેહત્યાગ કરનાર જ્ઞાનીની દશા સત્વર ઊર્ધ્વગામી થાય છે અને મરણવેળાની સ્વભાવ નિમગ્નતા વધી જાય છે. પાસે રહેલા બીજા જ્ઞાની કે અજ્ઞાની મનુષ્યોને પણ સાથે સાથે પોત પોતાના પ્રમાણમાં લાભ મળે છે. આ પરથી એ સિદ્ધ થશે કે જ્ઞાનીપુરુષનો દેહ પૂર્વકર્મોની નિવૃત્તિ માટે અને લોકના કલ્યાણ માટે જ હોય છે. તેઓ અંતકાળે પણ લાભ આપીને દેહત્યાગ કરતા હોય છે. તેમની નિષ્કારણ અપાર કરુણાને ત્રિકાળ વંદન હો, વંદન હો... ◆

પૂજ્યશ્રીનો પુરુષાર્થ આ જીવ ઉપર

■ **હેમા ગાંધી**, કોલકાતા



પૂજયશ્રીને પહેલીવાર ૧૯૯૬માં મળવાનું થયેલું. અને ત્યારે મળીને આવી ગઈ. થોડા સમય બાદ મને એવું લાગ્યું કે હું પૂજ્ય પપ્પાજીને ઘણાં સમયથી જાણું છું. એમના પ્રત્યે પૂજ્યભાવ, વિનયભાવ વધવા લાગ્યો.

સાલ ૧૯૯૯ના એપ્રિલ મહિનામાં પૂજ્યશ્રી સાથે ફોન પર શિબિરમાં જવા માટેની વાત થઈ રહી હતી. ત્યારે એમણે મને અચાનક કહ્યું કે પતિ અને પુત્ર પર બહુ રાગ ન કરવો. હું અજ્ઞાની, એટલે મેં વિચાર્યું કે પપ્પાને ખબર નથી કે મને કોઈ સંતાન નથી. અઠવાડિયામાં પ્રેગ્નેન્સી કન્ફર્મ થઈ. પૂજ્યશ્રીની વાત તો હું ભુલી ગઈ. ડૉક્ટરે બેડ રેસ્ટ કરવાનું કહ્યું હતું. ૯ મહિના બેડ રેસ્ટ જ હતો. એ દરમિયાન પૂજ્યશ્રી સાથે કોઈક વાર વાત કરતી ત્યારે સારૂં લાગતું. એ પછી ડિપ્રેશન થઈ ગયું, સિવિઅર ડિપ્રેશન. બાળકનો જન્મ થયો. પરંતુ મારી તબિયત સારી ન થઈ.

સાઈક્રિયાટ્રિસ્ટની દવા લીધેલી. દવાના ડોઝ હેવી હતાં. દવા ખાવાનું સ્ટાર્ટ કર્યું. ડોક્ટરે ખાસ કહેલું કે આ દવા બંધ કરશો તો દવાની ઉંધી અસર થશે. પૂજ્યશ્રીને આ દવા બાબત જણાવ્યું કે હું આ દવા લઈ રહી છું. પૂજ્યશ્રીએ કહ્યું કે જો તારો વર માને તો આ દવા બંધ કરજે. હું કલકતા આવું છું. બધું ઠીક થઈ જશે. એમને મળવા ગઈ. પૂજ્યશ્રીની દ્રષ્ટિ પડી અને એ સમય પછી હું એકદમ સાજી થઈ ગઈ.

એ પછી પૂજ્યશ્રીએ કહ્યું, ''આ કોઈ ચમત્કાર નથી. આત્માની અનંત શક્તિ છે. આત્માને ઓળખો.''

મારામાં મારાપણું (પઝેસિવનેસ) બહુ બહુ પ્રમાણમાં હતું. વાત છે લગભગ ૨૦૦૨ સાલની. પતિ-પુત્ર પર અનહદ રાગ. વારંવાર ભાવ થતાં કે મને આવું મારાપણું નથી જ કરવું, નથી કરવા જેવું. રાગ-દ્વેષ ન જ થવા જોઈએ આવા લાગલગાટ ભાવ કરવા

છતાં પરિણામ મને નહોતું મળતું. આ વાત પૂજ્યશ્રીને કહી.

પૂજ્યશ્રીએ કહ્યું કે, પતિ કોઈ પર સ્ત્રી સાથે વાત કરે તો તારું રૂવાડું ફરકવું ન જોઈએ.

શરૂઆતમાં આજ્ઞા પાળતા કષ્ટ લાગ્યું. ગુરુ તો કષ્ટદાયી લાગે. પરંતુ સત્પુરુષનો અર્થ જ એ કે જે આપણા દોષોને જડમૂળથી કાપે.

આ વચન પૂજ્યશ્રીની કૃપાથી જ દિવસ રાત સ્મરણમાં રહેતું.

પરિણામ પણ જોઈએ એવું સારું મળ્યું.

અત્યારે સમજાય છે કે પોતાની મેળે હું કંઈ કરવા સમર્થ જ નથી.

હે પ્રભુ....

આપ જીવને તેની કરેલી ભૂલ, તે ભૂલનું પરિણામ અને તે ભૂલ કઈ રીતે સૂધરી છે એનું માર્ગદર્શન આજ્ઞા દ્વારા આપો છો. મારે મારા આત્માને પરમ પવિત્ર કરવો છે. આપે ચીંધેલા માર્ગે, આપની આજ્ઞામાં રહી, આપના આશ્રયે જ હવે રહેવું છે. આપ પ્રત્યેની અપાર શ્રદ્ધામાં ને શ્રદ્ધામાં સર્વ જ્ઞાનનો સમાવેશ થાય છે.

મારી પ્રેમ દ્રષ્ટિએ પૂજ્યશ્રી...

૧. સાક્ષાત જીવતા જાગતા મોક્ષ. મોક્ષ આપવાની સર્વ સમર્થતા ધરાવનાર.
૨. અનંત ગુણો એમનામાં ધબકી રહ્યાં છે, પ્રગટ છે અને બીજા આત્મામાં તે સર્વ ગુણો પ્રગટ કરાવી શકવાની સમર્થતા વાળા છે.
૩. બધું આપીને નિઃસ્પૃહ છે.
૪. તેઓ નિરંતર, એક લયે, અખંડપણે આત્મસ્વભાવમાં જ છે તેથી તેમના સર્વ ગુણો એક સાથે તેમને અનુભવમાં છે.
૫. તેમનું સમર્થપણું... જે બીજા કોઈ કરવા સમર્થ નથી તે કરવા મારા પરમાત્મા સમર્થ છે.
૬. તેઓમાં અનંત દયા, અનંત કરૂણા નિરંતર આચરણમાં છે.
૭. સર્વનું કલ્યાણ કરવા સમર્થ છે, કલ્યાણ કરે છે. ''હું આનું કલ્યાણ કરું છું'' એવો ભાવ નથી. એવું યાદ રાખતા નથી, એવું યાદ રહેતું પણ નથી.
૮. સર્વ સમયે તેઓ નિષ્કામ, નિઃસ્પૃહ, પ્રેમ સભર આત્મસ્વભાવી સત્પુરુષ છે.
૯. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં માર્ગદર્શન, પ્રેરણા પહોંચાડવા સમર્થ છે.
૧૦. વિષમ એવા કર્મ ઉદયે પણ પૂર્ણ વીતરાગ દશામાં જ રહે છે.
૧૧. સામા જીવને પણ મુક્તિનો અનુભવ કરાવી શકવા સમર્થ છે.
૧૨. તેઓ સર્વ જ્ઞાન, સર્વ શાસ્ત્રના સારને પોતાની અંદર સમાવીને બેઠા છે, જેમાં વિશ્વના સર્વ શાસ્ત્રોના સારનો સમાવેશ થાય છે.
૧૩. આટલી બધી સમર્થતા છતાં દાસના દાસ થઈને રહે છે.
૧૪. સદ્‌ગુરુમાં એવી કુશળતા હોય કે એ ઘણા બધામાંથી કયું નિમિત્ત પામી જીવ આત્મવિકાસ કરી શકશે એ એમના જ્ઞાનમાં ઝળહળે. માટે જ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાની જરૂર છે તેમાં પણ તેમનું કર્તાપણું નથી પણ સહજ જ્ઞાનક્રિયા છે. ◆



Q ઉદય સમયે ભાવ હાજર થાય કે ભાવ હાજર થાય માટે ઉદયનો સમય આવે ?

ઉત્તર : જ્યારે કોઈ કર્મ તમે ભોગવો છો ત્યારે જે કર્મ જે પ્રકારે બાંધેલું છે તમે એ પ્રમાણે તમારે બોલવું પડે છે. તેમ એ પ્રમાણે બોલો એટલે નવા કર્મ બંધાઈ જાય છે. દા.ત. ધારો કે હું અને તમે ગયા ભવમાં પાંચ કે દસ મિનીટ માટે મળેલા હોઈએ અને પરમાર્થ વિષયી એકાદ પ્રશ્ન કે કોઈ વાત કરી હોય. મેં જવાબ આપ્યો હોય અને તમે એને સાંભળી એના ઉપર વિચાર કરવાનું શરૂ કર્યું હોય, હવે એના ઉપર તમે જેટલો વિચાર કર્યો, જેટલી સમજણ પડી એ પ્રમાણે એ કર્મ તમે બાંધી લીધું. એ કર્મ, કર્મવર્ગણારૂપે આત્માને ચોંટી ગયું. પછી એક, બે કે વધારે ભવ પછી મનુષ્યનો જન્મ મળે (ધારો કે હમણા મળેલો મનુષ્ય જન્મ) તો પહેલા જે પુણ્યનું કર્મ બાંધ્યું હતું એ ઉદયમાં આવ્યું અને એના નિમિત્તે કોઈપણ બહાને આજે તમે સામે આવી ગયા અને જે કર્મ હતું એ પ્રમાણે મારી સાથે પરમાર્થની વાત કરી અને મેં જવાબ આપ્યો, તમે એ સાંભળ્યો અને વિચાર્યો. આ ત્રણેય ક્રિયાઓ એક સાથે થઈ. કર્મનો ઉદય થવો, કર્મની અંદર રહેલા ભાવોનો વિસ્ફોટ થઈ એકરૂપ થવું, એ ભાવના નિમિત્તથી એના જેવા જ ભાવો થવા અને જ્યારે એવું થાય ત્યારે તરત જ નવા કર્મો બંધાઈ જાય એ એક નિયમ છે. બન્ને સાથે જ થાય છે. નિમિત્ત મળતાં જ કર્મનો ઉદય થાય છે અથવા કર્મનો ઉદય થવાનો છે તો એને માટે સહજ રીતે નિમિત્તની પાસે એ પહોંચવાના છે. જેમ મારું અહીં તમારા શહેરમાં આવવું, તમને બધાને ખબર પડવી, તમે લોકો મને અહીં મળવા આવો અને કોઈ પ્રશ્ન પૂછો ત્યારે વાતચીત થઈ અને અગાઉ જે પરમાર્થની વાત થઈ હતી એ દસ ગણી વધી અને આજે ફરીથી ઉદયમાં આવી. જેટલું સમજાયુ એ પ્રમાણે નવા કર્મ બાંધ્યા. હવે પાછા મળશું ત્યારે આજે જેટલી વાત થઈ એનાથી ઘણી વધારે વાત થશે.

Q એટલે જે ભાવથી કર્મ બંધાય એ જ ભાવ ઉદય વખતે હાજર થાય છે એ સમજાયું. હવે સમજવું એ છે કે રસગુલ્લુ ખાવાનો ભાવ થયો એ બંધ વખતનો ભાવ

ઉદયમાં આવ્યો કે પછી રસગુલ્લુ મોઢામાં મૂક્યું એટલે ઉદય હાજર થયો ?

ઉત્તર : રસગુલ્લુ ખાવાનો ભાવ એ પહેલાના કર્મનો ઉદય છે અને જ્યારે રસગુલ્લુ મોઢામાં મૂક્યું એ ક્રિયા છે. આ ક્રિયા વખતે ભાવનું હોવું કે ન હોવું એ નવા કર્મબંધનનું કારણ નક્કી થાય છે. ઉદય કર્મ તો શુભ કે અશુભ બન્ને હોઈ શકે. અશુભ હોય ત્યારે અજ્ઞાની (સો કોલ્ડ જ્ઞાની) કોઈને ખબર ન પડે એ રીતે ખાનગીમાં છૂપી રીતે ક્રિયા કરે જ્યારે જ્ઞાનીને તો પોતાના કર્મ કાપવાના છે એટલે તેને જગતની સાથે નિસ્બત નથી, પોતાના કર્મની સાથે છે. બહુ જાણીતું ઉદાહરણ લઈએ તો ભગવાન શ્રી કૃષ્ણ પાસે કોઈ વ્યક્તિ કોઈ સવાલ લઈને જાય છે ત્યારે શ્રી કૃષ્ણ એને અગત્સ્ય ઋષિ પાસે મોકલે છે એમ કહીને કે છ મહિનાના તપસ્વી મુનિરાજ તમને આનો જવાબ આપશે. પેલી વ્યક્તિ અગત્સ્ય ઋષિ પાસે જાય છે ત્યારે તેઓ મોટા થાળમાં છપ્પનભોગ આરોગતા દેખાય છે. તરત જ એને મનમાં શંકા થાય છે. શ્રી કૃષ્ણ આમને છ મહિનાના તપસ્વી કહે છે ? આતો છપ્પનભોગ આરોગી રહ્યાં છે. છતાં પણ પેલી વ્યક્તિના પૂછવા પર અગત્સ્ય ઋષિ એને પાછા ભગવાન કૃષ્ણ પાસે મોકલે છે એમ કહીને કે બ્રહ્મચારી શ્રી કૃષ્ણ તને આનો જવાબ આપશે.

હવે આ વ્યક્તિ ખરેખર મૂંઝાય છે કે જેને ૧૬૦૦૦ રાણીઓ છે એવા શ્રીકૃષ્ણ બ્રહ્મચારી કઈ રીતે હોઈ શકે ?

અહીં કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે ક્રિયા અને ભાવ બન્નેમાં ફરક હોઈ શકે છે. ભોજન આરોગવાનું કર્મ છે અથવા પત્ની નામનું કર્મ છે તો ભાવ માત્ર એ કર્મને જે જોઈએ એ આપવાનો જ છે, જેથી કર્મ પુરું થાય. પરમ કૃપાળુ દેવનું ઉદાહરણ લઈએ તો એમને પણ પત્ની અને ચાર બાળકો હતાં છતાં પણ લગ્ન પછી એમણે નવ વર્ષ સુધી જે પુરુષાર્થ કર્યો એમાં લગભગ કેવળજ્ઞાન સુધી દશા વધી જાય છે. અને એમના કહેવા પ્રમાણે મહાવીર અને એમની પોતાની દશા વચ્ચે માત્ર પહેરણનો જ ફરક હતો, બાકી સર્વજ્ઞપણાની દશા હતી.

એટલે રસગુલ્લું ખાવું એ તમારા પૂર્વ કર્મનો ઉદય છે, એટલે એ ભોગ ભોગવવો પડશે. પણ રસગુલ્લું મોઢામાં મૂકયા પછી હૃદયની અંદર, આ સારું છે, હજુ બીજું ખાવા મળે તો સારું એવા એકપણ ભાવ ન હોવા જોઈએ. રસગુલ્લું ખાધા પછી યાદ પણ ન રહેવું જોઈએ કે, રસગુલ્લું ખાધું છે. ◆



શ્રી રાધા-અવતારનું રહસ્ય

પરમેશ્વર અને પરમેશ્વરી વચ્ચે એવી તે કંઈ વાત પર સંઘર્ષ થયો હશે કે જેનું આટલું ઘોર પ્રાયશ્ચિત મહાદેવી કરી રહ્યા છે ? નારદજી જેવા નારદજી જ્યારે આટલા આશ્ચર્યચકિત થઈ ગયા તો પછી, લક્ષ્મીરૂપ રુકૂમિણી કે જેમને ગોલોકની ભગવદ્‌લીલાની કાંઈ જ ખબર ન હતી તે તો સ્વામીનો આ નિખાલસ એકરાર સાંભળીને શૂન્યમનસ્ક જ થઈ ગયા !

હવે ગોપાલકૃષ્ણે મૂળ ઘટનાનો રહસ્યસ્ફોટ કરતાં કહ્યું, ''મુનિવર! તમે તો જાણો જ છો કે ત્રેતાયુગના 'રામાવતાર'માં આ જ ગોલોકેશ્વરી શ્રી રાધાજી ધરતીમાતાનાં પુત્રી સીતાજી રૂપે જન્મ્યાં હતાં અને શ્રી રામરૂપે અવતાર ધારી મારા અર્ધાંગના બન્યાં હતા. તમે જાણો હવે કે, માનવદેહધારી શ્રી સીતા તરીકેના પોતાના દેહનો તેમણે કેવી રીતે ત્યાગ કર્યો અને કેવા સંજોગોમાં એ ધરતીમાં સમાઈ જઈને પુનઃ ગોલોકમાં પહોંચી ગયાં. વર્ષો સુધી 'સીતા-મહાભાવ'ની વિરહવ્યાકુળ દશામાં 'રામરાજ્ય'નો આદર્શ પ્રસ્થાપિત કર્યા પછી, અંતે મેં પણ સરયૂમાં જળસમાધિ લઈને મારા શ્રી રામ તરીકેના માનવદેહનું વિસર્જન કર્યું; અને હું પણ પાછો ગોલોકના દ્વિભુજ શ્રીકૃષ્ણ તરીકે, ગોલોકેશ્વરી શ્રી રાધા પાસે પહોંચી ગયો.



એક દિવસ વાતવાતમાં શ્રી રાધાજીને મીઠો ઠપકો આપતાં કહ્યું, ''હે દેવી! 'રામાવતાર'માં મારી માનવપત્ની તરીકે તમને એવું તે શું દુઃખ પડ્યું કે મને એકલો મૂકીને અને બે પુત્રોની જવાબદારી સોંપીને તમે ઉતાવળે અહીં આવી ગયા ? બાળપણ તમને જનકવિદેહી જેવા પુણ્યાત્માની છત્રછાયામાં પૂર્ણ અમનચમનમાં વિતાવવા મળ્યું. તમારી ઈચ્છાનુસાર, શિવ-ધનુષનો ભંગ કરીને મેં તમને પત્નીરૂપે અંગીકાર કર્યાં એટલું જ નહીં તમને સાસરીમાં અતડાપણું કે એકલવાયું લાગે નહીં તે માટે મેં



તમારી ત્રણેય બહેનોને મારા ત્રણ પ્રેમાળ બાંધવો સાથે લગ્નગ્રંથિથી જોડીને અયોધ્યાનરેશની પુત્રવધૂઓ બનાવી.''

''તમે તો જાણતાં જ હતાં કે મેં શા માટે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામનો અવતાર લીધો હતો અને એક આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ પતિ અને આદર્શ રાજાનાં મૂલ્યો આર્યાવર્તમાં પ્રસ્થાપિત કરવા માટે મેં કેટકેટલી મનોવેદના પણ ભોગવી હતી! તેમ છતાં, ચૌદ વર્ષના વનવાસમાં મે તમને પણ મારી સાથે જ લીધાં જેથી તમે મારી સાથે વનવિહાર કરી શકો, પ્રકૃતિની ગોદમાં સાત્વિક આનંદ મેળવી શકો અને મારું સતત સાંનિધ્ય પણ માણી શકો!''

''યાદ કરો ત્યારે મારો ને તમારો ભૌતિક - દૈહિક વિયોગ કેટલા વર્ષનો ગણાય? રાવણને ત્યાં લંકામાં તમે જે થોડો સમય મારાથી જુદાં રહ્યાં તે અને રાજધર્મનું કઠોર પાલન કરવા ખાતર મારે તમારો ત્યાગ કરવો પડ્યો તો માંડ બારચૌદ વર્ષ તમે શારીરિક રીતે મારાથી દૂર રહ્યાં હશો અને એટલા વિયોગમાં તમે અકળાઈ ગયા?''

''દેવી! આર્યાવર્તમાં તો એવી હજારો નારીઓ છે કે જેમણે ઋષિસમ પતિની સાધનામાં બાધક ન બની જવાય તે માટે આજીવન પતિવિરહ જીરવ્યો છે, પતિના પ્રેમની પ્રસાદીરૂપ બાળકોને ઉછેરીને મોટા કર્યા છે અને લોકોપવાદની પરવા કર્યા વિના હિંમત અને ખુમારીથી વૈધવ્યમાં પણ પતિવ્રતા સ્ત્રી ધર્મ નિભાવ્યો છે. એ બધી સમાન્ય મહિલાઓની તુલનામાં તમે તો સાક્ષાત્ સ્ત્રીશક્તિરૂપે ધરતી પર અવતર્યા હતાં અને છતાં 'સ્ત્રી સન્માનની અવહેલના'ને નિમિત્ત બનાવીને તમે મારા પર રોષે ભરાઈ ગયા. હજી તો હું 'સીતે' પોકારતો સિંહાસન પરથી ઊઠીને તમારી પાસે આવું તે પહેલાં તો તમે ધરતીમાં સમાઈ ગયા. તમારે આવું નહોતું કરવું જોઈતું.''

''તમારે લવકુશનો નહીં તો છેવટે મારો તો વિચાર કરવો જોઈતો હતો, કે જેણે તમારાથી વિખૂટા પડ્યા પછીનાં તમામ વર્ષો વનવાસમાં અને અયોધ્યાના રાજમહેલમાં સંન્યાસીની જેમ ગાળીને, કોઈપણ જાતનું ભૌતિક સુખ ભોગવ્યા વગર કેવળ 'તમારામય' બની જઈને, મહાભાવદશામાં જ વ્યતિત કર્યા હતા! રાધે! એ હકીકત શું તમારાથી અજાણ હતી કે, આર્યાવર્તના ભાવિ શાસકોને રાજધર્મનું યથાર્થ પાલન કરવું હોય તો કેટકેટલી મર્યાદાઓનાં બંધનવાળી આચારસંહિતાનું પાલન કરવું ઘટે છે, એનું આદર્શ ઉદાહરણ પૂરું પાડવા મેં મારા એ અવતારકાર્યના જ એક ભાગરૂપે આ બધી 'લીલા-માયા' આચરી બતાવી હતી! તો પછી મારાં સહધર્મચારિણીરૂપે તમે, આદર્શ પતિપરાયણા નારી ધર્મનું વર્ષો સુધી અડીખમ પાલન કર્યું અને છેલ્લે છેલ્લે આટલું જલદ પગલું કેમ ભરી બેઠાં એ મને હજી પણ સમજાતું નથી.''

મેં ખૂબ લંબાણથી મારું ગોપિત હૃદયમંથન ગોલોકેશ્વરી શ્રી રાધા સમક્ષ અભિવ્યક્ત કર્યું. જે એકીટશે મારી સામે જોયા જ કરીને તેમણે ચૂપચાપ સાંભળી લીધું. મને નવાઈ એ વાતની લાગી કે હંમેશા મારા એક વાક્યની સામે ચારપાંચ વાક્યોનો પ્રત્યુત્તર આપવા ટેવાયેલા શ્રી રાધા અત્યારે સાવ મૌન કેમ રહ્યાં? ખૂબ ગંભીર અને વિચારમગ્ન થઈ ગયેલાં શ્રી રાધાને ચીડવવા ખાતર મેં કહ્યું:

''કેમ હારી ગયાં ને? તમારી ખરેખર ભૂલ હતીને?''

સજળ નેત્રે શ્રી રાધા હવે બોલ્યા, ''હે સ્વામીનાથ! હું મારા સીતાદેહના આત્મવિલોપનના સમર્થનમાં ગમે તેટલી ન્યાયપુરઃસર પ્રતિ-દલીલો કરીશ તો પણ આપ એનું ખંડન જ કરવાના છો એ હું જાણું છું. તેથી મારે સ્વબચાવાર્થે કશું જ કહેવું નથી.''

''પરંતુ સાથે સાથે, હું એટલું કહ્યાં વિના રહી શકતી નથી કે, મર્યાદાધર્મનું પાલન તથા ઉત્તમ ચરિત્રનું નિર્માણ આપ એકલા જ કરી શકો છો એવું જો આપ માનતા હો તો આપની એ માન્યતાનું હું અવશ્ય ખંડન કરીશ. આ મારી દ્રઢ પ્રતિજ્ઞા છે, પ્રભુ! ફરી કોઈવાર જો મને આપની સાથે ભૂલોકમાં માનવસ્ત્રીનો અવતાર લેવાની તક મળશે અને આપ મારો ત્યાગ કરશો, તો હું આપને બતાવી દઈશ કે મર્યાદાધર્મનું પાલન આ રાધા કેટલી હદ સુધી કરી શકે છે. એટલું જ નહીં, આપના ચિર-વિરહની

વ્યથા હસતે મુખે જીરવીને, વર્ષોના વર્ષો સુધી આપના મિલનની પ્રતિક્ષા કરવામાં આપની આ ગોલોકેશ્વરી રાધા કેવી સ્વમાનભેર અને ખુમારીથી જીવી પણ શકે છે.''

આટલું બોલતાં ખૂબ ઉશ્કેરાઈ ગયેલાં શ્રી રાધાજી મારાથી રિસાઈને પોતાના આવાસમાં ચાલ્યાં ગયાં અને ત્યાર પછી ખાસ્સા લાંબા સમય સુધી અમારી વચ્ચે અબોલા રહ્યા. પરંતુ અબોલાનું જે મૂળભૂત કારણ હતું તે તો કોઈ જાણતું નથી, જે આજે મેં પહેલી જ વાર તમારી આગળ સ્પષ્ટ કર્યું છે.

આટલું કહેતાં કહેતાં પોતાના સનાતન દિવ્યધામ ગોલોકની સુમધુર સ્મૃતિમાં ભાવવિભોર થઈ ગયેલા શ્યામસંઘ ઊભા થઈને ઝરૂખામાં ચાલ્યા ગયા અને રાત્રિના નીરવ વાતાવરણમાં સમુદ્ર પર ઝૂકેલા તારામંડિત ગગન પર મીટ માંડીને અનંત આકાશની પેલે પાર આવેલા પોતાના અજરામર અક્ષયધામને પોતાનાં દિવ્યચક્ષુથી ગદ્‌ગદ્‌ ભાવે નિહાળી રહ્યા.

મહારાણી રુક્મિણીનું માનવહૃદય તો એવું લાગણીસભર અને સ્નેહાદ્ર બની ગયું કે પોતે દ્વારિકાધીશના પટરાણી છે અને અત્યારે 'કૃષ્ણભુવન'ના શયનકક્ષમાં ઉપસ્થિત છે એ વાતની પણ એમને વિસ્મૃતિ થઈ ગઈ! પોતે જાણે વૈકુંઠમાં શ્રી લક્ષ્મી રૂપે પોતાના સ્વામી શ્રી વિષ્ણુ ભગવાનના ચરણકમળમાં બિરાજીને, પ્રભુની દિવ્યાતિદિવ્ય અને મધુરાતિમધુર અમૃતવાણીનો શ્રવણાનંદ માણી રહ્યાં છે એવી અનુભૂતિથી તેઓ ભાવાવેશમાં આવી ગયા. 'શ્રી રાધાજી કોણ છે? અને સ્વામી સાથે એમનો એવો તે કેવો ગાઢ સંબંધ છે કે પ્રભુ હજીપણ એમને ભૂલી શકતા નથી.' આવી જે જિજ્ઞાસા, અન્ય રાણીઓની હઠથી એમના માનવ મનમાં પણ જાગી હતી તે હવે, આ પ્રસંગ સાંભળ્યા પછી, એવી તો નામશેષ થઈ ગઈ કે, વાસ્તવમાં એ પોતે જ જાણે શ્રી રાધાજીની પ્રતિકૃતિ ન હોય એવા દૈવી સમર્પણભાવથી, ઝરૂખામાં જઈને ઊભેલા શ્રી કૃષ્ણ ભગવાનને મનોમન તેઓ વંદી રહ્યાં.

ભક્ત-શિરોમણિ શ્રી નારદજીનું હૈયું તો પ્રભુભક્તિના આનંદસાગરમાં હિલોળા લેવા લાગ્યું. આ ભૂલોક પર ગોલોકેશ્વરી શ્રી રાધાજીએ અવતાર ધારણ કર્યો છે એવા સમાચાર, આજથી વર્ષો પહેલાં જ્યારે એમને પ્રાપ્ત થયેલા ત્યારે આ પરમેશ્વરી દેવીના બાલ્યસ્વરૂપના દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠાથી પોતે બ્રાહ્મણ વેશે વૃષભાણજીને ત્યાં પહોંચી ગયેલા. શું દિવ્ય અને અલૌકિક સૌંદર્યથી ઝળહળતાં હતાં દૈવી બાલિકારૂપે!

અને એની સાથે જ નારદજીને યાદ આવી, પ્રભુએ હમણાં જ કહેલી પેલી 'ખાસ વાત'! દ્વાપરયુગ અને કળિયુગના આ સંધિકાળે આર્યાવર્તના તમામ ઋષિમુનિઓ, સાધુસંતો અને વૈષ્ણવ ભક્તો સુધી પ્રભુની વાત પહોંચાડવાની જવાબદારી પોતાને શિરે છે ત્યારે, ભગવાન શ્રી કૃષ્ણ અને ભગવતી શ્રી રાધિકાજીની આ અવતારલીલાનું મૂળ સ્ત્રોત આજે પ્રભુના શ્રીમુખે સાંભળ્યા પછી તો, પોતાનું આ ભગીરથ કાર્ય કેટલું સરળ-સહજ બની ગયું એ સમજાઈ જતાં દેવર્ષિ નારદ પણ, ઝરૂખામાં ઊભેલા ત્રિલોકના ધણીને ભક્તિભાવથી પ્રણામ કરીને મનોમન વદ્યાં: 'ધન્ય થઈ ગયો હું નારાયણ પ્રભુ! આ પણ આપની લીલા-માયા અને દયા-કૃપાનું જ ફળ છે.'

સર્વજ્ઞ નારદજી ક્યારનાયે સમજી ગયા હતા કે અત્યારે ભગવાન સૂક્ષ્મરૂપે જ્યાં પહોંચવું હતું ત્યાં પહોંચી ગયા જ છે તેથી, હવે તેમના શ્રીમુખેથી અધૂરો રહેલો કથા-પ્રસંગ સાંભળવાની આશા રાખવી એ કોઈપણ રીતે ઉચિત ન ગણાય.

તેમણે ધીમા અવાજે મહારાણીને કહ્યું: 'દેવી! રાત્રિનો ત્રીજો પ્રહર તો ક્યારનોય પૂરો થઈ ગયો છે. મને લાગે છે કે આપણે હવે સ્વામીને શયન કરવા દઈએ. બાકીની અધૂરી રહેલી કથા તો એમના શ્રીમુખેથી ગમે ત્યારે સાંભળી લઈશું. હમણાં તો હું પણ દ્વારિકામાં જ રોકાવાનો છું ને.'

ધીમે પગલે ઝરૂખામાં જઈ સ્વામીનો ચરણસ્પર્શ કર્યો અને નારદજીને પ્રણામ કરીને દેવી રુક્મિણી નીચેના કક્ષમાં શયનાર્થે ચાલ્યાં ગયાં.◆

ક્રમશ:

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી



આજથી ૧૫૦ વર્ષ પહેલા ગુજરાત રાજ્યના વવાણીયા ગામે એક એવી વિરલ વિભૂતિનો જન્મ થયો, જેમણે પોતાના ૩૩ વર્ષના અલ્પ આયુષ્યમાં, આત્માને અનુભવથી જાણી, આપણા જેવા મુમુક્ષુઓને આત્મ કલ્યાણનો માર્ગ ચીંધ્યો. આ કારતક પૂર્ણિમાએ એમના જન્મનું ૧૫૦મું વર્ષ શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર - પર્લી મુકામે ખૂબ જ ભક્તિભાવ અને હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યું.

તા. ૩-૪-૫ નવેમ્બરના ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ દિવસે એક મુમુક્ષુ પરિવારના ઘરે પરમ કૃપાળુ દેવના ચિત્રપટની સ્થાપના અને પ્રતિષ્ઠા-પૂજન પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી અને પૂજ્ય નિલેશભાઈની હાજરીમાં સંપન્ન થયું. આ એક એવી અદ્‌ભુત ક્ષણ હતી જેમાં હાજર સર્વ મુમુક્ષુઓએ હૃદયની ઉર્મિઓસભર ઉલ્લાસિત ભાવથી જાણે સાક્ષાત કૃપાળુ દેવને જ પોતાના મનમંદિરમાં બિરાજમાન કર્યા. પરમ કૃપાળુ દેવ જેવા ગુણો પોતાને પ્રાપ્ત થાય, તેમના પ્રત્યે અને પ્રત્યક્ષ શ્રીગુરુ પ્રત્યે ભક્તિ વર્ધમાન થાય અને એમના આત્માની વિશેષ ઓળખાણ થાય એવા ભાવો હાજર સર્વ મુમુક્ષુઓના હૃદયમાં રમતાં હતાં. સર્વત્ર જાણે એક અલૌકિક દિવ્ય વાતાવરણની અનુભૂતિ ફેલાઈ ગઈ હતી.

આવા દિવ્ય વાતાવરણમાં આપણા સહુના પરમ પૂજનીય પૂજ્યશ્રીએ પરમ કૃપાળુ દેવના છ પદના પત્રમાંથી 'મોક્ષના ઉપાય' નું, 'સમકિતનું સરનામું' (પૂજ્યશ્રી લિખીત) પુસ્તકમાંથી ખૂબ જ સરળ ભાષામાં વિવેચન આપ્યું.

મોક્ષ એટલે શું ? અથવા મોક્ષની પ્રાપ્તિ શી રીતે થાય ? એ પ્રશ્નાર્થ ચિન્હ મૂકી એનો જવાબ આપતાં કહ્યું કે આત્મા કર્મથી છૂટે એનું જ નામ આત્માની મુક્તિ કે મોક્ષ છે. જ્ઞાન-દર્શન-સંયમ આદિ મોક્ષના ઉપાય છે. આત્માને બંધન ફક્ત કર્મોનું છે. કર્મબંધનું કારણ સંસારભાવ છે. અસંખ્યાત ભવોથી સંસારભાવમાં રહ્યાં છીએ એટલે અનુભવથી આત્માની કોઈ જાણકારી નથી; એટલે આટલા ભવોથી ધર્મ કરવા છતાં આપણે આજ સુધી કોરા જ છીએ અને પરિભ્રમણમાંથી છૂટ્યા નથી.

જ્ઞાન એટલે આત્માની જાણકારી. જો આત્માની જાણકારી ન હોય તો બીજું બધું જ્ઞાન એ અજ્ઞાન છે. પણ અનંતકાળમાં જીવને ક્યારેય આત્મા માટે પ્રેમ થયો નથી અથવા આત્મજ્ઞાન મને પ્રાપ્ત થાય એવો વિચાર માત્ર આવ્યો નથી. જ્યારે કોઈ સાચો પુરુષ મળી જાય જેણે અનુભવથી આત્મા જાણ્યો છે ત્યારે આત્મા પ્રાપ્ત કરવાનો ભાવ થાય, તો પણ સંસારનો મોહ એટલો હોય છે કે એમણે કહેલી વાત પણ જીવ ભૂલી જાય છે. વિચારે કરીને જ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે પણ સંસારના જડ પદાર્થોના વિચારોમાં આપણે એટલા રચ્યા પચ્યા છીએ કે 'હું આત્મા છું'નો વિચાર પણ કરતાં નથી.

જે જીવ ભાવ કરે એને કર્મબંધન થાય એ નિયમ છે. એ જ જીવનું કર્તાપણું છે. જ્યાં કર્તાપણું છે ત્યાં ભોક્તાપણું પણ છે. અજ્ઞાનદશામાં જે કર્મ ભોગવાય એ વખતે નવા કર્મનું બંધન થાય છે. આ વિતરાગ વિજ્ઞાન છે જે ૧૦૦ ટકા વૈજ્ઞાનિક છે, એમાં ભૂલ ન પડે. આ વૈજ્ઞાનિક સિદ્ધાંતની સમજણ ન હોય તો કર્મ બંધાયા જ કરે, છૂટી ન શકાય, એટલે જ અનંત કાળથી આપણે ચારેય ગતિઓમાં ભટકીએ છીએ.

આત્મામાં રહેલા રાગ-દ્વેષ-ક્રોધ-માયા-ઘૃણા આદિ ભાવો એ આત્માના મૂળભૂત ગુણો નથી, પણ એની અસ્વાભાવિક ક્રિયા છે જેનાથી કર્મબંધન થાય છે. જ્ઞાતા-દ્રષ્ટાપણું એ આત્માનો મૂળભૂત ગુણ છે. જોવા જાણવાની ક્રિયા કોઈપણ જાતના ભાવ વગર થાય તો આત્માને કર્તાપણું નથી. જ્ઞાનીપુરુષના આશ્રયે જો અત્યંત બળવાન પુરુષાર્થ થશે તો અનંતકાળનું સાટું એક ભવમાં વાળી શકાશે અને ઈશ્વરતત્વની ઝાંખી ચોક્કસ થશે એમ માનવું.

આ માર્ગનો જાણકાર કોઈ ભોમિયો મળે તો મોક્ષનું કારણ થઈ શકે છે. ગુરુ આપણાથી દૂર નથી, ફક્ત એમને ઓળખવાની રીત ખબર પડે તો તે તમારી બાજુમાં જ બેઠાં છે. 'આ જ મારા મોક્ષના દાતા છે' એ સમજણ લઈ એમની આજ્ઞાએ પુરુષાર્થ કરવાથી પરિણામ મળશે. અત્યારે



સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ?

અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય ?

સૌજન્ય : હૈદ્રાબાદ સત્સંગ ગ્રુપ

સંસારમાંથી માત્ર 'યુ ટર્ન' લેવાનો છે. સંસાર પ્રત્યે જવાના જે જે કારણો છે એનાથી વિપરીત રીતે વર્તી વિપરીત માર્ગે જવાનું છે. આ જ મોક્ષનો ઉપાય છે.

જ્યાં સુધી ધર્મ, કર્મથી દબાયેલો છે ત્યાં સુધી કોઈ ધર્મ સુખ આપી ન શકે. મન અને કાયાથી એ રીતે વર્તીએ કે કર્મનો ક્ષય થાય. જો સંસારભાવનો નકાર કરશું તો સંસાર તો રહેશે, પણ એની પ્રત્યેનો આસક્તિભાવ-રાગભાવ ઓછો થઈ શકે છે. જ્યારે 'હું આત્મા છું' એવો ભાવ રહેશે તો જડ પદાર્થોનું મહાત્મ્ય ઓછું થશે. આ ભવમાં પ્રેક્ટિસ કરશું તો બીજે-ત્રીજે ભવે એનું પરિણામ ચોક્કસ મળશે.

આ ભવમાં બધું જ મળી જાય એવું ન બને અને કંઈપણ ન મળે એ પણ ઈમ્પોસીબલ છે. મનુષ્યભવની માત્ર એક સેકન્ડ પણ કૌસ્તુભ મણી (કરોડોની કિંમતનો અલભ્ય મણી) કરતાં પણ વધુ મુલ્યવાન છે એમ પરમ કૃપાળુ દેવે કહ્યું છે. આવી મુલ્યવાન ક્ષણોને વેડફી નાખવાને બદલે આત્મ કલ્યાણ કરવામાં વાપરશું તો મોક્ષ સુધી પહોંચી શકાશે.

આવી અદ્‌ભુત બોધવર્ષા દ્વારા પૂજ્યશ્રીએ મોક્ષના ઉપાય સરળ ભાષામાં સર્વેને સમજાવ્યા. આપણે સર્વે હવે એવો પુરુષાર્થ કરશું તો ચોક્કસ પરિભ્રમણમાંથી છૂટી શકશું.

આ ઉપરાંત પરમ કૃપાળુ દેવના જીવનના ચાર તબક્કાઓનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત ચિત્રણ દાખવવામાં આવ્યું હતું જેમાં પરમ કૃપાળુ દેવની બાલ્યવસ્થા, તેમનો મનોમંથન કાળ, વિદેહી દશા તેમજ તેમના આત્માની અદ્‌ભુત દશાને વિવિધ વચનામૃત દ્વારા પડદા પર બતાવવામાં આવતાં જાણે પરમ કૃપાળુ દેવ સાક્ષાત તાદૃશ્ય થયા.



પરમ કૃપાળુ દેવની ૧૫૦ મી જન્મ જયંતિના મંગળ અવસરે સમવસરણમાં પરમ કૃપાળુ દેવ અને ભગવાન મહાવીરના ચિત્રપટની વાજતે ગાજતે પધરામણી કરવામાં આવી. તેમજ રાત્રે 'સ્પર્શ ભક્તિ'માં પરમ કૃપાળુ દેવના પદો દ્વારા એમના ગુણોને ગાવામાં આવ્યા જેમાં સર્વ ભાવવિભોર બની રહ્યાં.

આ ત્રિદિવસીય મહોત્સવનો સહુથી આનંદદાયક પ્રોગ્રામ હતો પરમ પૂજ્ય પપ્પાજી સાથેનો 'ટોક શો', જેમાં પરમાર્થે પૂજ્યશ્રીએ જે પુરુષાર્થ કર્યો છે એનું એમના શ્રીમુખેથી સહુએ શ્રવણ કર્યું. જેમાં વિવિધ સવાલના પૂજ્યશ્રીએ ખૂબ જ પ્રેરક જવાબો આપ્યા. જેના અંતર્ગત...

- હવે જો તેમનું માર્ગદર્શન નહીં મળે તો મુમુક્ષુઓનો વિકાસ અટકી જશેના પ્રત્યુત્તરમાં તેમણે કહ્યું કે 'દેહથી ભિન્ન હું આત્મા છું' એવા પરમ કૃપાળુ દેવના વચન પર બળવાન શ્રદ્ધા હૃદયથી થાય તો અવશ્ય મોક્ષ મળે. વાંચન અને વિચારની અગત્યતા ઉપર તેણે ભાર આપ્યો.
- પૂજ્યશ્રી થાક વગર આત્મપુરુષાર્થ શી રીતે કરે છે એના જવાબમાં કહ્યું કે જે વસ્તુમાં રૂચિ હોય એમાં થાક નથી લાગતો. આત્મા ગમે તો આત્મ-પુરુષાર્થમાં થાક ન લાગે.
- નવા મુમુક્ષુઓ અને કાર્યકર્તાઓને અલગ અલગ સમયે અલગ અલગ આજ્ઞાઓ મળતાં તેમને મૂંઝવણ થાય છે કે શું કરવું ? એનો જવાબ આપતાં કહ્યું કે મુમુક્ષુ જો વિચાર કરે તો બને આજ્ઞાના દ્રષ્ટિકોણ સમજાઈ વિવેક શક્તિ ઉત્પન્ન થાય છે એટલે આજ્ઞાપાલન અતિ મહત્વનું છે.
- ગુરુ પ્રત્યેની ભક્તિમાં એકલીનતા પ્રગટ કરવા માટે કહ્યું

ભગવત મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ લાગે છે. એવો ભગવતને લોભ શા માટે હશે ?

કે, વિચારે કરીને જ્ઞાન પ્રગટ થાય તો એ આત્મજ્ઞાનમાં ઉપયોગી થાય છે અને શ્રીગુરુના અંતરના ભાવો સમજી, લખી શકાય છે.

- સ્વદોષ દર્શન થાય ત્યારે શું પુરુષાર્થ કરવોના પ્રત્યુત્તરમાં કહ્યું કે જ્યારે દોષ દેખાય ત્યારે દોષ ઉપર વિચાર કરવા કરતાં આત્મિક ગુણોની પ્રાપ્તિ પર લક્ષ રાખવો.
- વ્યવસાયમાં બીજાના કલ્યાણના ભાવ પણ રાખવા. બીઝનેશ જતો હોય તો પણ પોતાના સ્વાર્થ માટે નીતિમાં ફેરફાર ન કરવો.
- ઘરગૃહસ્થીમાં પત્નીને તમે માન આપશો તો બીજા પણ એમનું માન જાળવશે.
- વાંચન કરતાં જ્યારે લાગે કે પરમ કૃપાળુ દેવના વચનો સમજાઈ ગયા છે તો માનવું કે ૧૦૦ ટકા સંસાર ભાવ જ સમજાણો છે. એટલે જ્યારે જ્યારે કંઈ સમજાય ત્યારે પ્રાર્થના વિનંતી થવી જોઈએ કે જે સમજાયું છે એનાથી સાવ જુદી રીતે મને સમજવામાં આવે. સતત આવા ભાવ ચાલશે તો અચાનક એક દિવસ એનો સાચો અર્થ સમજાઈ ગયો છે એવું લાગશે. ત્યારે માનજો કે આત્માએ એને સમજી એનો સાચો જવાબ આપ્યો છે. પહેલા જાણકારી હતી, હવે અનુભવ થયો. આ સત્તશ્રૃત છે. આવો પુરુષાર્થ જ્યારે થાય ત્યારે જ્ઞાની તરફથી એનું કન્ફર્મેશન જોઈએ.

આમ ટોક-શો દ્વારા પણ પૂજ્યશ્રીએ આત્મોન્નતિના અનેક રહસ્યો બતાવ્યા.

અંતિમ દિવસે રાતના મહાઆરતી અત્યંત ભાવપૂર્વક કરવામાં આવી. ત્રણેય દિવસ અદ્‌ભુત લાઈટીંગ કરવામાં આવી હતી. ઉપર આકાશમાં પૂનમનો પૂર્ણ ખીલેલો ચાંદ, આશ્રમમાં દિવ્ય ચેતનાની હાજરી, ચારેકોર વર્તાતી અપાર શાંતિનો અહેસાસ અને સર્વ મુમુક્ષુઓના હૃદયનો ઉલ્લાસ એવા કદી ન ભૂલાય એવા સંભારણા સહુના મનોમસ્તિષ્ક પર છવાઈ ગયા. ◆



સત્પુરુષની ઓળખાણ જીવને નથી પડતી અને વ્યવહારિક કલ્પના પોતા સમાન તે પ્રત્યે રહે છે, એ જીવને ક્યા ઉપાયથી ટળે ?

સૌજન્ય : નિકોલ સુજલ પટેલ, વડોદરા

सच्चा रत्न

महाराष्ट्र में एकनाथ नाम के एक सुप्रसिद्ध भक्त हुए है। उनके लिए इतिहास कहता है कि वे निस्पृह तथा फक्कड़ प्रकृति के थे। एक दिन उनके यहां पर एक सेठ आया और बोला, 'भक्तजी! आप से मुझे एक काम है। आशा है आप इन्कार नहीं करेंगे। बात ऐसी है कि कुछ दिनों के लिए मुझे बाहर जाना है अतः मैं आपके यहां पारसमणि रखना चाहता हूँ। हर किसी को तो भेद बताया नहीं जा सकता किन्तु आप पर मुझे पूर्ण विश्वास है।'

एकनाथ ने कहा, 'भाई! अपने पारसमणि को इस पांडुरंग के देवालय में रख दो।' उसने वहीं एक कोने में अच्छी तरह से रखा और चल पड़ा। भक्त एकनाथ तथा उनकी पत्नी दोनों ही पांडुरंग भगवान की पूजा किया करते थे। पूजा करते समय पहले दिन के फूलों को इकठ्ठा करके गोदावरी में बहा देते थे।

एक दिन दोनों ने पूजा की और बाहर आये तो देखा कि एक आदमी गधे को लगातार पिटता जा रहा है। बेचारा गधा जोर जोर से चिल्ला रहा था। दोनों ने मिलकर गधे के मालिक को समझाया तथा गधे की जख्म का इलाज करने में लगे रहे। उस दिन उनके सेवक उद्धव ने फूल गोदावरी में प्रवाहित किये जिसमें उस सेठ की पारसमणि भी चली गई।

कुछ दिनों बाद सेठ लौट कर आया। भक्त एकनाथ से उसने अपना पारसमणि मांगा। एकनाथ ने सहजता से कहा, 'भाई! जहां रखा था वहीं देख लो। वहीं पड़ा होगा।' सेठ ने वहाँ देखा, नहीं मिला तो एकदम से घबरा गया। सेठ ने सारा देवालय छान मारा किन्तु पारसमणि नहीं मिली। अब सेठ ने अंट-संट बोलना प्रारंभ कर दिया। वह गुस्से में बोलता चला जा रहा था कि, 'आपने उसे दबाना चाहा है। सच ही कहा है कि संत की भी नीयत बदल जाती है तो आप घर परिवार वाले भक्त ही तो है?'

एकनाथ पर सेठ की बात का कोई असर नहीं हुआ। उन्होंने उद्धव से पूछा। उसने कहा, 'वैसे तो मुझे पूरा ध्यान नहीं है लेकिन फूलों के साथ साथ मुझसे कहीं नदी में ही प्रवाहित न हो गया हो? क्योंकि एक दिन जब आप उस पीड़ित गधे की सेवा में लगे हुए थे तब मैंने सारे फूल समेटकर गोदावरी में प्रवाहित कर दिये थे।'



सेठ को यह सारी तुम्बाफेरी सी लगी। अंत में एकनाथ सेठ के साथ गोदावरी के तट पर आये और बोले, 'हे गोदावरी मैंया। तू जानती है जो मेरी नीति है। मेरी मति में लोभ नहीं है। तेरे जल में जो इस भाई का पारसमणि आया हो, उद्धव ने फूलों के साथ बहाया हो तो वह दे दो। वैसे भी तू तो रत्नाकर की पत्नी है। तेरे यहां रत्नों की कमी नहीं है। तेरे आंचल में तो रत्न ही रत्न है। कभी मांगने वाले के सत्याचरण में हो सकती है, समर्पण में हो सकती है। हे मैया! यदि मेरे सत्याचरण में, समर्पण में कमी न हो तो वह मणि दे दो।'

ऐसा कहकर एकनाथ ने जल में हाथ डाला तो आश्चर्य कि हाथ में पारस ही पारस लगे। सेठ के सामने रखकर एकनाथ ने कहा इसमें से जो तुम्हारा हो वह ले लो। सेठ ने अपना पारसमणि ले लिया तो एकनाथ ने शेष रत्न जल में ही बहा दिये। सेठ ने कहा, 'भक्त जी! ये आप क्या कर रहे है? जिस पारस के दर्शन ही दुर्लभ होते है ऐसा पारस अनायास आपके हाथ लग गया है। उन्हें यों जल में बहा देना कहां की समझदारी है?'

एकनाथ ने मुस्कारते हुए कहा, 'भाई! प्रभु नाम का पारस जब मेरे पास है तब इन पत्थरों से मेरा क्या वास्ता?' एकनाथ की निस्पृहता और निश्चलता देखकर वह पैरों में आ गिरा और अपनी भूल की माफी मांगी कि मैंने आपको व्यर्थ ही कलंकित किया। ◆

ESSENCE OF LIFE
Discover it within

The Cracked Pot

"A water bearer in India had two large pots, each hung on each end of a pole which he carried across his neck. One of the pots had a crack in it, and while the other pot was perfect and always delivered a full portion of water at the end of the long walk from the stream to the master's house, the cracked pot arrived only half full.

For a full two years this went on daily, with the bearer delivering only one and a half pots full of water in his master's house. Of course, the perfect pot was proud of its accomplishments, perfect to the end for which it was made. But the poor cracked pot was ashamed of its own imperfection, and miserable that it was able to accomplish only half of what it had been made to do.

After two years of what it perceived to be a bitter failure, it spoke to the water bearer one day by the stream. "I am ashamed of myself, and I want to apologize to you. "Why?" asked the bearer. "What are you ashamed of?" "I have been able, for these past two years, to deliver only half my load because this crack in my side causes water to leak out all the way back to your master's house. Because of my flaws, you have to do all of this work, and you don't get full value from your efforts," the pot said.

The water bearer felt sorry for the old cracked pot, and in his compassion he said, "As we return to the master's house, I want you to notice the beautiful flowers along the path." Indeed, as they went up the hill, the old cracked pot took notice of the sun warming the beautiful wild flowers on the side of the path, and this cheered it somewhat. But at the end of the trail, it still felt bad because it had leaked out half its load, and so again it apologized to the bearer for its failure.

The bearer said to the pot, "Did you notice that there were flowers only on your side of your path, but not on the other pot's side? That's because I have always known about your flaw, and I took advantage of it. I planted flower seeds on your side of the path, and every day while we walk back from the stream, you've watered them. For two years I have been able to pick these beautiful flowers to decorate my master's table. Without you being just the way you are, he would not have this beauty to grace his house."

Each of us has our own unique flaws. We're all cracked pots. In this world, nothing goes to waste. You may think like the cracked pot that you are inefficient or useless in certain areas of your life, but somehow these flaws can turn out to be a blessing in disguise."

To receive Monday Motivation every week visit : www.essenceoflife.com and register for newsletter.

આગન્તુક

■ **ધીરુબહેન પટેલ**

ઈશાનને લાગ્યું કે તે એક ટાપુ પર ફેંકાઈ ગયો છે.

એ બેટની આસપાસ નજર ઠેરવવાનું કશું સાધન ન મળે. નિસ્તરંગ નિશ્ચલ મહાજલનિધિની વચ્ચે છે આ સ્વયંભૂ દ્યુતિથી ઝળાંહળાં થતો હિમદ્વીપ, જેના પર તે એકલો અટૂલો ઊભો છે. દેવોના આ મહાલયની અપૂર્વ રચના સામે દ્રષ્ટિ ટકરાઈને પાછી વળી શકતી નથી, એમાં જ વિલીન થઈ જાય છે. ધન્યતાની આ ક્ષણે એક અજાણી ભીતિનો સ્પર્શ થયો અને ઈશાન પાછો રજતના ખંડના ઇંદ્રિયગમ્ય જગતમાં આવી ગયો.

ખૂબ બધા માણસો હતા. રજત પોતે, ઈપ્સિતા, નિરંજનભાઈ, ડૉક્ટર માર્શલ, નર્સ, બીજા બેત્રણ નોકરો. બધા ધીમે ધીમે બોલતાં હતાં, પણ ઈશાનને તો હવે નજરોનો પણ ભાર લાગતો હતો. કોઈ કંઈ પૂછે એ પહેલાં એ ઊભો થઈ ગયો અને આસ્તેથી, બોલ્યો, 'મને બહુ થાક લાગ્યો છે.' અને કોઈની સામે જોયા વગર બહાર ચાલ્યો ગયો. પગ એમની મેળે જ ચાલતા હતાં, એમની મેળે જ અટકી ગયા.

ઢીલોઢસ થઈને ઈશાન ખાટલાની ધારે બેસી ગયો. શું થઈ ગયું આ બધું ? કર્તૃત્વના અહંકારે આખરે તેને ડસી લીધો ? રજત સાજો થવાનો હોત તો એમ ને એમ ન થઈ જાત ? પોતે મધ્યસ્થ થવાની કશી જરૂર નહોતી. શું કામ તેણે રજતની ડૂબી જતી ચેતનાને જોરજોરથી ઢંઢોળી ? જે બ્રહ્મજ્ઞાન મેળવવાનું પ્રલોભન આપીને તેણે રજતને પાછો વાળ્યો તે પોતાને ખુદને થયું છે ખરું કે તે કોઈને આપી શકે ? આંખોમાંથી આંસુ સરવા લાગ્યાં. મગજ તો બહેર મારી ગયું હતું. હૃદય વહેવા માંડ્યું. કેટલો વખત આ પશ્ચાતાપમાં વીતી ગયો તેનો કશો ખ્યાલ ન રહ્યો. પોતે શા માટે આવો બ્રહ્માંડનો ભાર માથે લઈને ફરે છે ? જે પળે જે થયું તે ખરું. પ્રભુએ જે કરાવ્યું તે ખરું. કર્તૃત્વનો અહંકાર તે વેળાએ નહીં, હવે પીડતો હતો પોતાને. શાની આ આત્મગ્લાનિ ? જે પળે રજતને જેની જરૂર હશે તે જ મહામાયાએ હાજર કર્યું હશે ને ? એની લીલા જોયા કરવાની - મહીં ખેંચાઈ જઈને મલકાવાની ને રડવાની શી જરૂર ?

બારણા પર કોઈ ટકોરા મારતું હતું. બારણું ખોલતાંની સાથે ફ્રાન્સિસ અંદર ધસી આવ્યો. ઈશાનના બન્ને હાથને વારંવાર ચૂમી લઈને એ આવેગપૂર્વક કહેવા લાગ્યો, 'યે શૈતાન લોગ કો ગોડ કભી માફ નહીં કરેગા. મગર આપ બિલકુલ ફિકર નહીં કરના ફાધર ! હમ આપકો ગોવા લે જાયેગા. ઉધર કોઈ આપકો કુછ નહીં કર શકતા. ઔર હમ આપકા પૂરા સર્વિસ કરેગા. જૈસા બોલોગે વૈસા કરેગા. બોટલકો હાથ ભી નહીં લગાયેગા સચ્ચી, ફાધર !'

'બાત ક્યા હૈ ફ્રાન્સિસ ?'

ફ્રાન્સિસ શરમનો માર્યો નીચું જોઈ ગયો. ઈશાનના બન્ને ભાઈઓએ અર્ણવના ઘરમાં બેસીને પંડ્યા સાથે જે વાતો કરી હતી તે એણે સાંભળી હતી. પ્રતાપગિરિએ ઈશાનને માથે ચોરીનો જે આક્ષેપ મૂક્યો હતો તેનાથી એ એટલો વ્યથિત નહોતો થયો જેટલો બન્ને ભાઈઓની ટીકા સાંભળીને થયો હતો. જેમ તેમ કરતાં એણે ઈશાનને થોડીક વાત કરી ને છેલ્લે જાહેર કર્યું, 'અબ હમ ઉધર નહીં રહેગા ફાધર ! બડા ભાઈ તો ફિર ભી થોડા ઠીક હૈ, મગર હમારા સાબ તો..'

ઈશાને એના બરડા પર હાથ ફેરવીને કહ્યું - 'નહીં ! ઈતની સી બાત પર ક્યા નારાજ હોના ?'

'ઈતની સી બાત ?' ફ્રાન્સિસની

આંખો પહોળી થઈ ગઈ. એનો આશ્ચર્યચકિત ચહેરો જોઈને ઈશાનથી હસી પડાયું. કઈ રીતે એને સમજાવવું કે સંસારમાં હંમેશાં આવું જ ચાલ્યા કરતું હોય છે. આખરે તો અસત્ય આરોપોથી વિચલિત થવા જેવું હોતું નથી. ક્યારેક ને ક્યાંક તો સત્યનો ઉદય થાય છે જ. એ ક્ષણની રાહ જોવાની, બીજું શું ?

પણ સામે ફ્રાન્સિસ ઊભો હતો, દુઃખી થતો હતો. એનું શું કરવું ? ઓચિંતા ઈશાનને ગુરુ ઓમકારગિરિ યાદ આવ્યા. મન પ્રસન્નતાથી ભરાઈ ગયું. એણે હસીને કહ્યું, 'બૈઠો ફ્રાન્સિસ, હમારે ફાધર હેરિસકી બાત સૂનો.'

વાત કરતાં કરતાં સ્થળકાળ, શ્રોતાવક્તાનું ભાન ભૂલાઈ ગયું. ઈશાનને એક સમાધિ લાગી ગઈ. ગુરુદેવની સ્મૃતિ પારિજાતકની નાજુક સુવાસ બનીને ચોમેર પથરાઈ ગઈ. આ અનંત કથારસમાંથી કોણ બહાર નીકળે ? શા માટે નીકળે ?

નિત્યનિયમ પ્રમાણે નોકરે આવીને બત્તી કરી ત્યારે ધ્યાનભંગ થઈને ઈશાને જોયું તો ફ્રાન્સિસ સિવાય પણ એક શ્રોતા છે.

'ઈપ્સિતા ! તમે ક્યારે આવ્યાં ? કેમ છે રજતને ?'

'સારું છે. પપ્પા તમારી સાથે વાત કરવા બેત્રણ વાર આવી ગયા. તમે આમની સાથે વાત કરતા હતાં.'

ઈશાન ફ્રાન્સિસની સામે જોઈ રહ્યો. દેખીતું હતું કે ઈશાનની ઘણીબધી વાતો એને જરાયે સમજાઈ નહોતી, પણ એ પ્રેમથી અને શ્રદ્ધાથી સાંભળ્યા કરતો અને ઈશાનની નિકટતા અનુભવતો હતો. એના ચહેરા પરની વ્યગ્રતાને સ્થાને મુગ્ધ આનંદ પથરાયો હતો. એનો ખભો થાબડીને ઈશાને કહ્યું, 'અચ્છા ફ્રાન્સિસ ! કામ પર ચલે જાઓ ઔર જો કુછ સુના ઉસે ભૂલ જાઓ. યાદ રખો સિર્ફ તુમ્હારે ઔર હમારે દોનોંકે ફાધર હેરિસકો. અબ જાઓ ફ્રાન્સિસ ! ખુશ રહો.'

ફ્રાન્સિસ કદાચ કંઈક પૂછત, પણ ઈશાનના અવાજમાં એક નિર્ણયાત્મકતા હતી. એક પૂર્ણવિરામ હતું. એનાથી પ્રભાવિત થઈને એ ઈશાનના હાથને ફરી પાછા પોતાના હોઠ અડાડીને ચાલ્યો ગયો. ઈપ્સિતાને આ પાછલી વાત સમજાઈ નહોતી, પણ એણે કંઈ પૂછ્યું નહીં. ઈશાન દૂધ પી લે એની રાહ જોતી ઊભી રહી. પછી નમ્રતાથી બોલી, 'હવે પપ્પા આવે ?'

'અરે, હું જ એમની પાસે આવી જાઉં ને !'

'ના, એ આવશે.' કહી ઈપ્સિતા પ્યાલો લઈને ચાલી ગઈ. એનાથી કંઈ બોલાય એવું હતું જ નહીં. એનું મન ઈશાન પ્રત્યેની શ્રદ્ધા અને આદરથી એવું છલોછલ થઈ ગયું હતું કે, એનો ભાર એનાથી જ વેઠાતો નહોતો. એના ગયા પછી થોડી વારે નિરંજનભાઈ આવ્યા. એ ઈશાનની ચરણરજ લેવા નીચા નમે એ પહેલાં ઈશાને એમના હાથ ઝાલી લીધા.

'બાબા ! મારો દીકરો બચી ગયો.'

'ઈશ્વરની ઈચ્છા.'

'ઈશ્વરની નહીં, બાબા ! તમારી.'

'ના, મારી નહીં - રજતની પોતાની, અને ઈશ્વરની ઈચ્છા વિના તો આપણાથી શ્વાસ પણ ક્યાં લેવાય છે ? અને આપ મને બાબા ન કહો. મને ઈશાન કહીને જ બોલાવી શકો, આમેય હું ક્યાં હવે ભગવાં પહેરું છું ?'

'તમે ગમે તે પહેરો, આટલો મોટો ચમત્કાર જેણે કર્યો તેને હું બાબા ન કહું ?'

'વડીલ ! આમાં કોઈ ચમત્કાર નથી. રજતને સાજા થવું હતું અને એ થયો.'

'તમારે જે કહેવું હોય તે કહો બાબા ! પણ હું તો ભવોભવ તમારો ઓશિંગણ રહીશ. તમે નથી જાણતા - રજતની માંદગી મારે માટે - બોલતાં બોલતાં નિરંજનભાઈને ડૂમો ભરાઈ આવ્યો. અને તેઓ પોતાના મનને સંભાળી લે એ પહેલાં આંખોમાંથી ચોધાર આંસુ વહેવા માંડ્યા.'

ઈશાને એમને છાના રાખવાની જરાયે ચેષ્ટા ન કરી. આટલી ઉંમરે મોકળા મને રડી લેવું એય એક લહાવો છે એટલું એ સમજતો હતો. આટલો બધો વખત કુટુંબના મોભી તરીકે પરાણે જાળવી રાખેલો સંયમનો બંધ આશાનો સૂરજ ઊગતાં જ તૂટી ગયો,

તે છો તૂટે. લાગણીઓને વહી જવા દેવાથી જે રાહત મળે છે તેને મૂલવવાનું કોનું ગજું ?

પછી નિરંજનભાઈ પોતાની મેળે જ શાંત થયા.

ઈશાને કહ્યું, 'ડૉક્ટરે શું કહ્યું ?'

'બીજું તો શું કહે ? કહે કે દવા ચાલુ રાખજો અને અવારનવાર તપાસ કરાવતા રહેજો. સાચું કહું તો એ પણ ડઘાઈ ગયા હતા. એમણે ધાર્યું જ નહીં હોય ને કે રજત પાછો બોલશે ! જોકે એમને એમના ધંધાનું માન જાળવવાનું હોય ને, એટલે કબૂલ ના કરે, બાકી એ તો સોએ સો ટકા સાચું છે કે રજત એમની દવાઓથી સાજો નથી થયો.'

'આપણને કેમ ખબર પડે ? અને એને સારું થાય એ જ આપણને તો જોઈએ ને ! ભલે ને ગમે એનાથી, ગમે એ રીતે સારો થાય.'

'બાબા ! તમારે જશ ના લેવો હોય તો કંઈ નહીં, પણ એક વાત તો નક્કી છે કે રજત તદ્દન સારો ન થઈ જાય ત્યાં લગી હું તમને જવા દેવાનો નથી. રજત સારો થઈ જાય ત્યાં લગી તમારે રહેવું પડશે, બાબા !'

'અને પછી ?' ઈશાન હસ્યો.'

'અરે પછી પણ... હંમેશ માટે. કાયમ માટે તમે અહીં જ રહો, બાબા !'

'જોઈશું, પણ સૂતા પહેલાં એને એક વાર જોવાનું મન છે.'

નિરંજનભાઈ અને ઈશાન રજતના ઓરડામાં ગયા. નર્સે ઓશિકા ગોઠવીને એને બેઠો કર્યો હતો અને ચમચે ચમચે એને કટોરામાંથી કશુંક પિવડાવતી હતી. આ દ્રશ્ય જોઈને નિરંજનભાઈની આંખમાં પાછાં ઝળઝળિયાં આવી ગયાં.

એ બન્ને જણની સામે નજર ઠેરવીને રજતે સહેજ મલકાવા જેવું કર્યું અને બોલ્યો, 'પપ્પા ! આ... આ... મારા બાબા !'

ઈશાને એની નજીક જઈને માથે હાથ ફેરવ્યો. હસતાં હસતાં પૂછ્યું, 'હવે તો પપ્પાને નહીં પજવે ને, રજત ? ઝટપટ સાજો થઈ જા, ઉત્તરકાશી જવું છે ને ?'

બોલવાને બદલે રજતે ગંભીરતાથી માથું હલાવીને હા પાડી.

નર્સ સંપૂર્ણ તલ્લીનતાથી રજતને ખવડાવવા લાગી. ઈશાનને થયું, એ પોતાનું કામ કેટલી કુશળતાથી, કેવું મન દઈને કરે છે ! આવી તન્મયતા સાધનામાં આવે તો બેડો પાર થઈ જાય. અનાયાસે એને મોંએથી બોલ સરી પડ્યો, 'હરિ ઓમ !'

તરત રજત બોલ્યો, 'તત્ સત્ !'

'હા બેટા, અત્યારે તું બહુ બોલતો નહીં, થાકી જવાશે. ખાઈ લે અને સૂઈ જા.' નિરંજનભાઈએ કહ્યું. અને ઈશાનની સાથે એ પણ ઊઠ્યા.

'ગૂડનાઈટ પપ્પા'

બારણાની બહાર નીકળતાં જ નિરંજનભાઈએ ઈશાનના બન્ને હાથ પોતાના હાથમાં લઈને જોરથી દબાવ્યા.

ઈશાનને લાગ્યું કે પિતૃહૃદયની ભાવનાનો આ સ્પર્શ એક પવિત્ર અનુભવ છે. એ મેળવીને પોતે ધન્ય બન્યો છે... આહા, શાસ્ત્ર શા માટે લાગણીથી ઉપર ઊઠવાનું શિખવાડે છે ? રાગદ્વેષથી પર થવું તે બરાબર, પણ પિતાનો પુત્ર માટેનો પ્રેમ એ તો જીવનની અતિ અમૂલ્યવાન સંપત્તિ છે, એને શા માટે ત્યાજ્ય ગણવી ?

આજે સાયંસંધ્યા રહી ગઈ હતી. સ્નાન કરતાં કરતાં મનમાં ઝબકારો થયો, શાસ્ત્ર ખોટું નથી. નિશદિન, હર પળ જાગ્રત ન રહીએ તો લાગણીનાં વમળમાં ખેંચાઈને ક્યાંના ક્યાં જતાં રહીએ, ડૂબી જઈએ. સંન્યાસીએ તો આ લાગણીની લીલને દૂરથી જ નમસ્કાર કરવા ઘટે.

થોડી વારમાં તો ઈશાનનું મન ઈષ્ટચિંતન અને મંત્રજપના રાજમાર્ગે જતાં જતાં સમાધિમાં લીન થઈ ગયું. ◆

ક્રમશઃ

નોંધ : ધીરુબહેન પટેલની નવલિકા આગન્તુકનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

એક નાની વાર્તા

રાજકોટના જંકશન પ્લોટ વિસ્તારમાં આવેલી ભારતી વિદ્યાલય નામની શાળામાં મીના નામની એક વિદ્યાર્થીની પોતાની નાની બહેન સાથે અભ્યાસ કરતી હતી. પપ્પા સામાન્ય નોકરી કરે અને મમ્મી બીજાના ઘરના કામ કરવા માટે જાય. એકવાર તેમના પપ્પા ખૂબ બીમાર પડ્યા એટલે હૉસ્પિટલમાં દાખલ કર્યા. મમ્મીએ પપ્પાની સેવામાં રહેવું પડતું અને બીજાના ઘરના કામ બંધ પડયા અને આવક પણ બંધ થઈ. બન્ને બહેનોની ફી ભરી શકાય તેમ ન હતી. આથી એક શિક્ષિકા બહેનની મદદથી બધી જ વિદ્યાર્થિનીઓએ ફાળો કરીને આ છોકરીઓની ફી ભરી. બીજા એક શિક્ષિકાએ મીનાને ટોણો માર્યો, 'ફી ભરવાની ત્રેવડ ન હોય તો લોકો શું કામ શાળામાં ભણવા માટે આવતા હશે ?' બસ મીનાએ આ જ સમયે નક્કી કર્યું કે, હું જ્યારે મોટી થઈશ ત્યારે જેની ફી ભરવાની ત્રેવડ ન હોય તેવા હોંશિયાર વિદ્યાર્થીઓને સારી શાળામાં ભણાવવાની વ્યવસ્થા કરવી છે.

આજે મીનાબેન એમના પતિ અને બે સંતાનો સાથે રાજકોટના પોપટપરા વિસ્તારમાં રહે છે. બ્યુટી ટ્રીટમેન્ટની સેવા ઘરેઘરે જઈને આપે છે. મહિને ૧૨,૦૦૦ થી ૧૫,૦૦૦ કમાય છે. રોજની જેટલી કમાણી થાય એ બધી જ કમાણી સાંજે ઘરમાં આવેલા મંદિરમાં મૂકવાની અને પછી એમાંથી ૧૦ ટકા રકમ જુદી કાઢીને એક ડબ્બામાં રાખવાની. આ ડબ્બા પર લખ્યું છે 'ભગવાનનો ભાગ'. આ રકમનો કોઈ અંગત ઉપયોગ નહીં કરવાનો પણ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સીધી જ મદદ કરવાની એમના અભ્યાસ માટે. 'ભગવાનના ભાગ'ની રકમમાંથી મીનાબેન આજે ઘણા વિદ્યાર્થીઓની ફી ભરે છે. એમની શેરીમાં આવતા કામવાળા બેન કે કચરો લેવા માટે આવતી બહેનની દીકરીઓ હોય, બધાના સ્પોન્સરર આ મીનાબેન છે. મીનાબેનના પતિ મહિને માત્ર ચાર હજાર રૂપિયામાં એક કારખાનામાં મજૂરી કરે છે. આથી ઘણીવાર મીનાબેનને કહે, 'તું આ સેવા રહેવા દે અને આપણા માટે બચત કર.' મીનાબેન હસતાં હસતાં જવાબ આપે, 'હું જેટલું કમાઉ છું એના નવ ભાગ તો આપણી પાસે જ પડ્યા છે, એક ભાગ તો કોઈ બીજા માટે વાપરવો જોઈએ ને !' મીનાબેનના દીકરાને કાનનું ઓપરેશન કરાવવાનું હતુ તો એમણે પોતાની સોનાની બે ચેન પણ વેચી નાખી પણ આ 'ભગવાનનો ભાગ' બંધ કરીને ચેન લેવાની એને ક્યારેય ઈચ્છા નથી થઈ.

મિત્રો, મીનાબેન જેહપરા જેવી વ્યક્તિઓ સમાજ માટે યથાશક્તિ કંઈક કરીને એના અવર્ણનીય આનંદની અનુભૂતિ કરે છે. કરોડોની કટકી કરતાં અધિકારીઓ, લાખોની લૂંટ કરતા વેપારીઓ અને મસ્ત મોટો પગાર લઈને કંઈ ન કરતાં કર્મચારીઓને 'ભગવાનના ભાગ'નો વિચાર કેમ નહીં આવતો હોય ? ◆



સૌજન્ય : કલ્પના પ્રવીણ ચૌહાણ, રાજકોટ

SRATRC - KOLKATA CENTRE

શ્રી રાજ પ્રતિષ્ઠા સ્મૃતિ યાત્રા તથા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પૂજનનું આયોજન

ભગવાન શ્રી મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત સર્વ શાસ્ત્ર અને આગમોના સારરૂપ, 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' રચના દિવસના ઉપલક્ષે સંસ્થા દ્વારા તા. ૮-૧૦-૨૦૧૭ના રવિવાર સવારના પ્રથમ શ્રી રાજ પ્રતિષ્ઠા સ્મૃતિ યાત્રા તથા સંસ્થાના ભવ્ય એવા શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું જેમાં આશરે ૫૫૦ મુમુક્ષુઓ તથા તેમના સ્નેહીજનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.



કોલકાતા મધ્યે છેલ્લા ૧૭ વર્ષથી પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃત તથા પરમ પૂજ્ય શ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી)ની ઊંડાણપૂર્વકની તાત્વિક સમજણને આશ્રયે ઘણા મુમુક્ષુઓ સત્‌ધર્મની આરાધના પોતાનો પુરુષાર્થ ફોરવીને કરી રહ્યા છે. તેમાંના આશરે ૩૨ પરિવારોએ પોતાના નિવાસ સ્થાને પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી તથા પૂજ્ય નિલેશભાઈ મહેતાના વરદ્ હસ્તે વિધિ વિધાનપૂર્વક ભગવાન શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા તથા પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટની પ્રતિષ્ઠા કરાવવાનો લાભ લીધો છે. તેમની તે સમયની ઉત્કૃષ્ટ ભાવદશાને ફરી પાછી સ્મૃતિમાં લાવવા તથા તે શુભ અવસરના ઉત્કૃષ્ટ ભાવોને ફરી પાછા તાજા કરવા શ્રી રાજ પ્રતિષ્ઠા સ્મૃતિ યાત્રાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠાનો લાભ લેનાર દરેક પરિવારને બે દિવસ અગાઉ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની અમુક ગાથાઓ લખેલું એક લેમિનેટેડ બોર્ડ પેપર આપવામાં આવ્યું હતું જે તેમણે તેમના ઘરે પ્રતિષ્ઠા સ્થાને ભાવપૂર્વક પૂજા કરીને મુકવાનું હતું.

શ્રી રાજ પ્રતિષ્ઠા સ્મૃતિ યાત્રામાં ૩૦ / ૪૦ની સંખ્યાના ગ્રુપમાં સંસ્થાના મુમુક્ષુઓ તે સર્વેના નિવાસ સ્થાને પહોંચ્યા હતા તથા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથાઓનું સાથે મળીને પઠન કર્યું હતું અને તેના આધારે પોતાના આત્માને સિદ્ધ કરવાની પ્રાર્થના અને વિનંતી પણ કરી હતી. આ યાત્રામાં ક્રમસર મુમુક્ષુઓ જોડાતા ગયા અને આશરે ૧૦.૩૦ કલાકે શ્રી રાજ પ્રતિષ્ઠા સ્મૃતિ યાત્રા સંસ્થાના શ્રીમદ્ રાજચંદ્ર મંદિર પહોંચીને પૂર્ણ થઈ હતી. જ્યાં મુમુક્ષુઓ તથા તેમના સ્નેહીજનોનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

